# શ્રી સ્વામિનારાયણ

માસિક



મહેસાણા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા અને
ભીમપુરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા
પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧








(૧) નારાયણઘાટ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૨) ભીમપુરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. (૩) ઘાટલોડીયા મંદિરમાં શ્રી જનમંગલ પાઠની પૂર્ણાહૂતિ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી. (૪) મૂળી મંદિરમાં વસંત પંચમીના સામૈયા પ્રસંગે રંગોત્સવ કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી. (૫) ધરીયાવદ (રાજસ્થાન)મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર સાથે યોગીસ્વામી અને બ્ર.વાસુદેવાનંદજી સ્વામી. (૬) પ્રાંતિજ મંદિરમાં ગોપીનાથ સ્વામીની ગુણાનુવાદ સભા પ્રસંગે દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂ. પી.પી.સ્વામી ઉદ્‌બોધન કરતા




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂ. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂ. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂ. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૪ | અંક : ૪૭ | માર્ચ-૨૦૧૧**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | "आरार्तिक्म्""निराजनम्" | ૪ |
| ૦૪. | ''બિન ખપતો નહીં ખાત'' | ૬ |
| ૦૫. | લાલચ | ૭ |
| ૦૬. | બલભદ્ર રેવતીજી | ૮ |
| ૦૭. | એક ઓળખ ધર્મગુરુની (પ.પૂ.ધ.ધુ. ધર્માચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી) | ૧૦ |
| ૦૮. | આનંદની હેલી | ૧૨ |
| ૦૯. | સત્સંગ સુરભિ | ૧૩ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૧. | ભક્તિ સુધા | ૧૮ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ

સંપ્રદાયના ઈતિહાસમાં ન ભૂતો ભવિષ્યતિ જેવું સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્પર્શવાળી હજારો અલૌકિક વસ્તુઓનું સંગ્રહાલય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના માર્ગદર્શન અને દેશ વિદેશના સંત-હરિભક્તોના સંપૂર્ણ સહયોગથી પરિપૂર્ણ થયું.

જેના ઉદ્‌ઘાટન મહોત્સવમાં દેશ-વિદેશના લાખો હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન કરી જીવનને ધન્ય અને ભાગ્યવાન બનાવ્યું. વિશ્વમાં મ્યુઝિયમો તો ઘણા હશે અને તે જોવા લાયક ગણાય. પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ તો દર્શન કરવા લાયક અને જેમણે જેમણે એક એક પદારથના દર્શન-સ્પર્શ કર્યા તે મોક્ષ અને કલ્યાણના અધિકારી બની ગયા.

ફાગણ સુદ-૧૫ શ્રી નરનારાયણ જયંતી ફુલ દોલોત્સવ શ્રી નરનારાયણદેવ મંદિરમાં ધામધૂમથી ઉજવાશે. આપણે તો ઉત્સવોની પરંપરા ચાલુ જ રહેશે. માટે લેવાય તેટલો લ્હાવો લઈ ને છેલ્લું ભાથું તૈયાર કરી લેવું એજ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૧)

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ડુંગરી (ઈડર) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૪. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવના ઉપલક્ષમાં વિજય સ્તંભ યાત્રા-વિજયસ્તંભ સ્થાપન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. ગણેશ હા. પ્રા.લી. થલતેજ.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા કથા પ્રસંગે પધરામણી.
પ.ભ. ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ વાઘેલાનો ત્યાં પધરામણી, ગાંધીનગર.
૭-૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) કથા અને રંગોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી, કરશનપુરા ગામે પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ અને કલોલ (શ્રીનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા, અમદાવાદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર વડુગામે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧. એમ.પી. પંડ્યા હાઈસ્કુલ જેતલપુર સભા પ્રસંગે પધરામણી.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મંદિર મોરબી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ભવપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મારૂતિયજ્ઞ પ્રસંગે પધરામણી.
પ.ભ. જગદીશભાઈ આત્મારામભાઈ પટેલ (અમેરિકા શિકાગો) ને ત્યાં પધરામણી ખાનપુર.
૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા જનમંગલ સ્તોત્ર પ્રસંગે પધરામણી.

# "आरार्तिक्म्" "निराजनम्"

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી ભારતીય વૈદિક અને પૌરાણિક પૂજા વિધિમાં આરતી કરવાનું બહુ જ મહત્વ છે, કર્મ ભલે ને મહાપૂજા હોય કે હરિયાગ, વિષ્ણુયાગ રુદ્રયાગ જેવા બધાજ કાર્યોમાં જે તે પરબ્રહ્મના સ્વરૂપનું તેમજ દેવ દેવીનું પૂજન કરવાની પદ્ધતિમાં થોડો ઘણો તફાવત રહ્યો છે. પરન્તુ કોઈપણ કાર્યમાં વિસ્તૃત હોય કે સંક્ષેપ કર્મ હોય પણ આરતી તો કરવી જ પડે છે. ભગવાનની ષોડશોપચાર વિધિમાં આરતી એક પ્રકારની ઉપચારમાં ગણાય છે. આરતી કર્યા વિના જે તે પૂજન કર્યું હોય તો તેનું ફળ મળતુ નથી.

કેટલાક સંજોગોમાં ઉપચાર કે પૂજામાં સમય શ્રધ્ધા કે સંપત્તિનો અભાવ હોય ત્યારે જે તે પૂજાનો સંકલ્પ કરીને માત્ર આરતી કરવાથી જે તે પૂજાનું યથાર્થ ફળ મળે છે.

मंत्रहीनं क्रिया हीनं यत्कृतं पूजनं हरेः ।

सर्वं सम्पूर्णतामेतिकृते निराजने शिवे स्कन्दपुराण ॥

એટલે કે મંત્ર ક્રિયા પૂજામાં કોઈપણ પ્રકારની કમી ક્ષતી રહી ગઈ હોય તો નિરાજન (આરતી) કરવાથી પૂર્તિ થઈ જાય છે.

ખાસ પૂજા વિધિમાં થાળીમાં પાંચ અથવા ત્રણ દિવેટ રાખવી. તેમાં કંકું વડે સ્વસ્તિ બનાવવું. તેમાં અક્ષત પુષ્પ કપૂર મુકીને આરતી કરવી. कालोतिरतंत्रमां કહ્યું છે કે, पञ्च निराजनं कुर्यात् અર્થાત્ પાંચ તત્વો વડે આરતી કરવી. તેમાં દીપ-અગ્નિ તત્વનું પ્રતિક શંખજળ - જળતત્વનું પ્રતિક ધૂપ-વાયુ તત્વનું પ્રતિક ઝાલર પુષ્પ - પૃથ્વી તત્વનું પ્રતિક. ઝાલર ઘણ્ટી નાદ - આકાશ તત્વનું પ્રતિક છે. આરતી પ્રગટાવવા માચિસના ઉપયોગ કરવો. બીજા દીવાઓ જે દેવોને નિવેદન થઈ ગયા હોય તેવા દીપ વડે આરતી પ્રગટાવવી નહિ. કારણ કે દીપ એ અગ્નિ તેજ તત્વ જે તે મૂર્તિ - સ્વરૂપનું ભોજન છે જે એકવાર દીપ રૂપી ભોજન અર્પણ થઈ ગયું તેમાંથી આરતી પ્રગટાવવી નહિ.

આરતી પ્રગટાવીને અક્ષત-પુષ્પ લઈને અથવા હાથ જોડીને મંત્ર બોલવો - ज्वालामालीन्यैनमोनमः અથવા महारत्नैश्वर्यै नमोः नमः ત્યારબાદ મંત્રગાન અથવા આરતીના પદ કીર્તન ગાન કરતાં કરતાં શ્રી વિગ્રહના જમણી તરફથી ડાબી તરફ ૐ આકારની જેમ એક એક અંગમાં ચરણોથી શરૂ કરીને પ્રત્યેક અંગો અંગ પર સાત સાતવાર ફેરવવી. અંતમાં સમ્પૂર્ણ મૂર્તિ પર ફેરવવી. ત્યારબાદ જળ-ધૂપ પુષ્પ ઘણ્ટી ચાર વાર ફેરવવી. મૂર્તિથી ઉપર કે આજુબાજુ ફેરવવી નહી.

વૈષ્ણવી પરંપરામાં પગ્ચ પૂજન વિધિ મુખ્ય છે જે મંગળા - શણગાર - રાજભોગ - સંધ્યા અને શયન. આપણા હરિ મંદિરો તથા ઘર મંદિરમાં પ્રાતઃ સંધ્યા અને સાયમ્ સંધ્યા નિમિત્તે બેવાર આરતી કરવામાં આવે છે દિવસના પ્રારંભમાં અને રાત્રીના પ્રારંભમાં આરતી કરવાનું સૂચક છે.

મૂર્તિનો દેવપરાધ થયો તેવા સંજોગોમાં પરબ્રહ્મનું ચૈતન્ય ચાલ્યું જવાના સંજોગોમાં આરતી કરવાથી મૂર્તિમાં ચૈતન્ય પરમાત્માતત્વનો આવાહન આપો આપ થઈ જાય છે. તેથી આપણા સંપ્રદાયમાં પરંપરા ચાલે છે કે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ્યારે ઘેર કે મંદિરે પધારે છે ત્યારે ત્યારે તેમના થકી આરતી અવશ્ય કરવામાં આવે છે. આરતી થતાં ભગવાનના મુક્તો દર્શન કરવા આવે છે અને મલિન શકિતઓ આપોઆપ નિકળી જાય છે. તેથી જેના ઘરે બે વાર આરતી થાય તે ઘરને મંદિર તુલ્ય કરવું અને જ્યાં આરતી ન થતી હોય તેને સ્મશાનવત્ કહેલ છે. ત્યાં ભૂતપ્રેતાદિનો વાસ થઈ જાય છે. ઘર યા મંદિરમાં આરતીનો વિધિ થઈ રહ્યો હોય ત્યારે દર્શન કરવા અવશ્ય જવું. કેમકે તે આરતી ચુકનાર દેવાપરાધી કહેવાય છે. કેમકે શાસ્ત્રોમાં કહ્યું છે કે, આરતીનાં એકવાર પણ દર્શન કરવાથી સાત જન્મોના પાપ બળી જાય છે. તેમાંય મંગળા આરતીના દર્શન કરનારાને પાંચય આરતીના દર્શનનું ફળ મળે છે. ભગવાનનાં દર્શનમાં આરતીના સમયે દર્શન કરવાં તે પૂર્ણ દર્શન કહેવાય છે. વરાહપુરણમાં લખ્યું કે,

धूपं चारार्तिकं पश्येद्व कराभ्याम् च वन्दते । कुल

B22 – December 24, 2010 – INDIA-WEST

Culture

# Tenth Patotsav of ISSO Temple in Los Angeles Celebrated

By BHARTTI KUMAR
Special to India-West

NORWALK, Calif. — A week-long ceremony from Dec. 12-19 to commemorate the tenth Patotsav of the ISSO Shri Swaminarayan Temple-Los Angeles was organized by the International Swaminarayan Satsang Organization and blessed by H.H. Shree Tejendraprasadji Maharaj and Mota Gadiwala.

The celebrations began on the evening of Dec. 12 with a "Pothi Yatra" followed by "Deep Pragatya and Mangala Pravachan" the following day. "Maruti Yagna" was held on Dec.14.



*The procession carried out on the occasion of the tenth Patotsav of the ISSO Shri Swaminarayan Temple-Los Angeles. (Bhartti Kumar photo)*



*Shree Tejendraprasadji Maharaj during one of the pujas at the temple.*

Attendance was high each day, and more so on the weekend despite heavy rain.

A "Vishnu Yagna' was also held at the temple, with "Jal Yatra" and "Shobha Yatra" continuing in the afternoon.

Most of the women wore color-coordinated purple or yellow saris while men wore red turbans. Many of them carried water in a "kalash," which was poured during the "Abhisheka" the following day.

The crowd, donning raincoats and umbrellas, participated in an hour-long procession from Cerritos College to the temple, while Acharya Maharajshri enjoyed a chariot ride under a colorful canopy.

"Kathas" were held in the evenings each day with celebrations of "Ram Janmotsav," "Krishna Janmotsav" and "Rukshmani Vivah."

During a cultural program in the evening and the following morning, everyone admired the "Purnahuti," "Abhishekam" and 212 varieties of food for the "Annakut Darshan."

Natoobhai Patel offered **India-West** a brief history of the temple.

"We had bought the land with a house in 1991. There were so many problems, like getting permits to differences of opinion amongst the donors, that by 1996 the entire work was discouraging," he noted.

"However, around that time Acharya Maharajshri gave such words of encouragement that I took it up as a personal challenge to build this temple. I took early retirement and, along with a few people, took care of legal problems and started building the foundation in 1998."

The "Pranpratishta" was held in December of 2000.

"Today, these 75 volunteers have gone beyond their responsibilities to bring the event together," Patel told **India-West**. "The heavy rainfall has not dampened their spirits, and we have well wishers from out of state also."

In his address to the gathering, Maharajshri told the devotees to keep their faith in God at all times, and though rituals may be modified, they should stick to the principles of the Bhagvadgita and other scriptures.

His wife Mota Gadiwala told the women to support the divine place in every way they can.

कोटी सपुधृत्य याति विष्णोः परंपदम् दीपं स्पृष्टा तु यो देवि मम कर्माणि कारयेत् । तस्यापराधादेवै मेंः पार्प प्राप्नाति मानवः ॥

ધૂપદીપ આરતીનાં દર્શન કરનારાના કોટીકુલ ભગવાનના પદને પામે છે. અને આરતીનો અપરાધ અનાદાર કરનારા ભૂમિના પાપનો ભોક્તા બને છે. વૈષ્ણવી નિત્ય પૂજા પ્રકાશ - आरार्तिकमहं कुर्वे पश्यमे वरदो भव આરતી એટલે આર્તહૃદયથી સાચા હૃદયનો ભાવ ભગવાન પાસે અભિવ્યક્ત કરવો. આરતી દ્વારા ભવબંધન કર્મબંધન માયા બંધન જન્મમરણ જેવા દુઃખોથી મુક્ત થવાનો ઉત્તમ ઉપાય.

આપણા જીવનના વિઘ્નો બાધાઓ અવરોધોનું ઉચ્છેદન એટલે આરતી. આપણા સંપ્રદાયમાં કાલવાણીમાં મુક્તાનંદ સ્વામીને ભગવાનને જાણવામાં મનુષ્યભાવ આવ્યો ત્યારે દિવ્યરૂપે રામાનંદ સ્વામીએ ઠપકો આપી શાન ઠેકાણે લાવ્યા ત્યાર થયેલા અપરાધની ક્ષમા અને સાચી વાત સમજવાનો આનંદ જય સદ્ગુરુ સ્વામી સહજાનંદ દયાળુ.... આરતી પદ ગાઈને અપરાધોની પૂર્ણાહુતિ કરી દીધી. અને ભૂતકાળની ભૂલોને શ્રીહરિને અર્પણ કરી લીધી. તે દિવસથી મુક્તાનંદ સ્વામીની ચડતી કળા જ રહી. આ તો આપણા જેવાને ઉદાહરણ આપવા લીલા કરી. વ્યવહારમાં લગ્ન પ્રસંગે મોટી વ્યક્તિ નાની વ્યક્તિની આરતી કરે તેને ઓવારણા કહેવાય. સામેની વ્યક્તિના દુઃખોને લઈ લેવા તેના ઓવારણા અને દુઃખોને આપી દેવા તેને આરતી કહેવાય. તેથી સાસુજી વહુ અને જમાઈના ઓવારણા લઈ દુઃખ માત્ર પોતે લઈ લે છે. મંદિરમાં આરતી થઈ રહી હોય ત્યારે આરતી પૂર્ણ થયા પહેલાં મંદિરમાંથી બહાર નીકળી જવું નહિ. તે આરતીના ફળથી વંચિત રહે છે.

(એલ.એ. મંદિર દશાબ્દી મહોત્સવના પ્રસંગે ત્યાંના દૈનિક પેપરમાં આવેલ ન્યુઝ) →

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com

# "બિન ખપતો નહીં ખાત"

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

સ.ગુ. પ્રેમાનંદ સ્વામી દશમો નિયમ કહે, "બિન ખપતો નહી ખાત" જરા વિચાર કરીએ તો દરેક વ્યક્તિનું જીવન તેના આહાર પર નિર્ધારીત હોય છે. જેવો તેનો આહાર હોય છે તેવુંજ તેનું જીવન પણ બનતું હોય છે. સામાન્યતઃ સમજીએ તો આપણે જે અન્ન જમીએ છીએ તેમાંથી લોહી આદિકનું નિર્માણ થતું હોય છે. અને એજ લોહી આપણા આખાય શરીરમાં નસો દ્વારા પરિભ્રમણ કરતું હોય છે. અને એમાંય આપણા આખાય શરીરને જ્યાં ઈચ્છે ત્યાં લઈ જનાર મુખ્ય ભાગ મસ્તિક એ પણ લોહી દ્વારા જ ચાલે છે. આપે સાંભળ્યું હશે કે જો મગજમાં પુરતું લોહી ન પહોંચે તો મગજ વ્યવસ્થિત રીતે કામ કરી શકતું નથી. અને તેને કારણે તે વ્યક્તિ પાગલ પણ થઈ શકે છે. હવે જો વિચાર કરીએ તો જેવો વ્યક્તિ આહાર કરે છે તેવું જ તેનું લોહી બને છે. જેવું લોહી બને છે. તેવું મગજ ચાલે છે.

જેવું મગજ ચાલે છે તેવા જ વિચારો પણ આવે છે. અને જેવા વિચારો આવે છે તેવું જ તેનું જીવન બને છે. અને જેવું જીવન હોય તેવી જગતમાં તેની નામના પણ થતી હોય છે. કહેતા આખાય જીવનનું મૂળ વ્યક્તિનો આહાર છે. જો આહાર શુદ્ધ તો વિચાર શુદ્ધ, વિચાર શુદ્ધ તો જીવન શુદ્ધ.

માટે ભગવાન સ્વામિનારાયણે. શિક્ષાપત્રીના "૧૯" માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે,

"अग्राह्यान्नेन पक्वंयदन्नं तदुदकं च न ।

जगन्नाथ पुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું.

અગ્રાહ્ય એટલે નથી ખાવા યોગ્ય અન્ન જેવું એવી જે વ્યક્તિએ રાંધેલું અન્ન તે પોતાનો દેશ, ગામ, જ્ઞાતિ, કુળાચાર અને વર્ણાચારની વિરુદ્ધતાથી ન જમાય તેવું હોય તો તે વ્યક્તિ એ રાંધેલું જે જમવાનું અન્ન તથા તેનું પાણી તથા ચરણામૃતાદિ પણ ન લેવું. બીજું જ્ઞાતિએ કરીને ભલે ઉચ્ચ હોય પણ જો તેનામાં પવિત્રતા ન હોય તો તેનું અન્ન પણ ન જમવું.

આપણા સંપ્રદાયમાં જુનાગઢના રામો હરિજન કરીને ભક્ત થઈ ગયા. જ્ઞાતિએ શુદ્ર (હરિજન) હતા પણ ખરા અર્થમાં તે હરિના જન હતા. પોતે જુનાગઢમાં રહે. શહેરમાં સાફ સફાઈનું કામ કરે, માર્ગમાંથી આપણા સંતો નીકળે હૃદયમાં ભાવ થાય. હાથ જોડી દૂરથી નમન કરી જય સ્વામિનારાયણ કહે. આમ કરતા સંતોના યોગમાં આવ્યા ને સતસંગ થયો. પછી તો એવો સતસંગનો રંગ ચડ્યો કે પોતાના કાર્યથી પરવારી નાહી ધોઈ સ્વચ્છ થઈ ભગવાનનું ભજન કરે. સંતોએ કહ્યા પ્રમાણે ખૂબજ પવિત્રતાથી જીવન જીવે. એક વખતનો સમય જુનાગઢમાં નાગર બ્રાહ્મણોને ત્યાં જમણવારનો પ્રસંગ હતો. સર્વ નાગર નાત ભેગા થઈ જમ્યા. ત્યારબાદ જે રસોઈ વધી એટલે આ રામા હરિજનને ભૂદેવોએ બોલાવી કહ્યું આ રસોઈ લઈ જજે. ત્યારે રામો ભક્ત કહે ભૂદેવો માફ કરજો પણ તમારુ આ અન્ન મને ન ખપે. આ શબ્દો જ્યાં બ્રાહ્મણો એ સાંભળ્યા નાગરનાતમાં હાહાકાર મચ્યો ! એક શુદ્ર અને એ કહે મને બ્રાહ્મણોનું ન ખપે. પૂછ્યું શા માટે ? ત્યારે ભક્તે જવાબ આપ્યો કે આપે જે રસોઈ બનાવી એમાં નથી પાણી ગાળ્યું નથી. લોટ ચાળ્યાં. નથી અનાજ બરોબર સાફ કર્યું. નથી રસોઈ ઢાંકી. અને હું તો ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું. મને આવું ગાળ્યા ચાળ્યા વિનાનું ન ખપે. આમ જ્યારે ચોખ્ખા શબ્દોમાં કહી દીધું ત્યારે નાગર નાતે વિચાર કર્યો આતો આપણી આબરૂનો સવાલ છે. હવે તો આની પાસે આ રસોઈ લેવડાવીએજ. એમ કરી વટે ચડ્યા. ઘણીય ચર્ચા બાદ આખોય મામલો રાજા પાસે ગયો. રાજાએ સર્વ બ્રાહ્મણો તેમજ મંત્રીઓ સમક્ષ રામાને બોલાવી કહ્યું કે તું બ્રાહ્મણોની રસોઈ લેવાની કેમ ના પાડે છે ? ત્યારે એજ જવાબ ભક્તે આપ્યો. મહારાજ એમને પૂછો અનાજ જોયું નથી. પાણી ગાળ્યું નથી. લોટ આપ્યો નથી. તો હે મહારાજ હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું. અને મારા પ્રભુની આજ્ઞા છે કે એવું ગાળ્યા ચાળ્યા વિનાનું ન ખાવું. તો પછી હું એમનું અન્ન લઈને શું કરૂં ? ત્યારે તે દિવસે જુનાગઢના રાજાએ પણ બ્રાહ્મણોને કહ્યું, કે જાઓ ! આ રામો તમારૂ નહિં જમે. તમારે જેને આપવું હોય તેને આપી દો ! પોતે એક શુદ્ર જ્ઞાતિમાં જન્મેલા છે. પણ કેટલી પવિત્રતા.

ભગવાન સ્વામિનારાયણે ગઢડા પ્રં. ૧૮ મા વચનામૃતમાં કહ્યું કે, અને પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધ પણે કરીને રાખજ્યો, એ વચન અમારૂ જરૂર જરૂર માનજ્યો.

# લાલચ

- શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી (ચેરીહીલ મંદિર)

માનવ એક સામાન્ય માણસ હતો. સાદો ભલો મહેનતુ અને ઘરરખ્ખુ એ જ્ઞાની હતો. માત્ર પુસ્તકોનું જ્ઞાન નહિ, ઋતુઋતુનાં પાક, પશુ અને પંખીઓની વાત એ જાણતો. એ ધર્મી હતો. ક્રિયાકાંડી જ માત્ર નહિ.

માંદગીના ઈલાજ એને આવતડતા એથી એ દીનદુઃખીઓની સેવા કરતો. કુટુંબભાવ જાળવી ભાઈભાંડુઓને પાળતો તેમનું સન્માન જાળવતો. એના ઘરમાં વૈભવ, આબરૂ અને વિશ્વાસ નામનાં ભાંડરડા વસતા હતા એના ઘરની શોભા શાખ વધારતાં હતાં, સુખ અને શાંતિ જાળવતા હતા.

એક દિવસ માનવ બહાર ગયો. આજનો દિ' કેવો ઉગ્યો હતો ? પાછા વળતા રસ્તામાં એણે કશુંક દીઠું. માનવી મનમાં વિચારી રહ્યો. એને આ નિર્જન વનમાં, રસ્તાની કોરાણે એકાંતમાં કોણ છોડી ગયુ હશે ?

માનવીનું મન એના તરફ ઢળ્યું, લોભાયું. ઝાડ ઉપર એક ચીબરી બોલી વનની શાંતિ કંપી ઉઠી. આ માયાવી વસ્તુ તે એક સુંદર બાળા હતી. એના શરીર પરથી લલિત રેખાઓ ખીલી ઉઠી હતી. એના સોનેરી ગુચ્છા વાળા વાળ દૂરથી તો સોનામહોર જેવા દેખાતા હતા. અહાહા ! કેટલા બધા સોનાના સિક્કા ગોળ ગોળ.

માનવે એને ઘણા ઉમંગથી આવકાર આપ્યો, બાળાએ એનો સ્વીકાર કર્યો. માનવ તેને ઘેર પણ તેડી લાવ્યો. પોતાને ત્યાં આશ્રય આપ્યો બસ, હવે એનું મન બીજામાંથી ઉડી ગયું. એનામાં ચોટ્યું. બીજા કામધંધા છોડી દીધા. એના બીજાં ભોડુંઓ તરફ પણ ધ્યાન ન રાખ્યું. તે દુર્લક્ષ સેવવા લાગ્યો. અરે એમના માંથી બધી બાબતો છુપાવવા લાગ્યો. એ કપટી અને લુચ્ચો બનવા લાગ્યો.

આ બાળા સ્વભાવે લોભી અને સ્વાર્થી હતી. ઘરનાં ભાંડુઓને જોઈ મોઢું મચકોડતી એમને તિરસ્કારતી, ધિક્કારતી અને એમના ઉપર હુકમ ચલાવવા પ્રયત્ન કરતી.

મહેમાનને આવકાર આપવો એ દરેકની ફરજ હતી. પણ આ બાળા આવતાની સાથે ઘરનું વાતાવરણ કલુષિત કરવા લાગી તેથી કોઈએ એને ઘરમાં બહુ આવકાર ન આપ્યો. એનું આગમન થતાં બધાં દૂર ભાગવા લાગ્યા.

એક દિવસે વૈભવે માનવને રામ રામ કર્યા.

વૈભવ! તું ક્યાં જાય છે. ભાઈ ! માનવે પૂછ્યું.

ભગવાન જાણે ! હવે મારે અહીં રહેવું ઠીક નથી આ બાળા અને હું સાથે રહી શકીએ જ નહિ. એમ કહી વૈભવ ત્યાંથી ચાલી નિકળ્યો એટલે ફળફુલ કરમાવા લાગ્યો. રોગ લાગવાથી ગાય ભેંસ મરવા લાગી. પશુ ધન ઉજ્જડ થઈ ગયું. દૂઝણાં ઓછાં થઈ ગયાં. મોટી રેલ આવવાથી પાક પણ ધોવાઈ ગયો. માનવીની કમનસીબીનો પાર ન રહ્યો. એક દિવસ આબરૂએ આવી માનવીની વિદાય લીધી. મારે હવે આ ઘરમાંથી નીકળી જવું છે. મારૂ સ્થાન હવે અહીં રહ્યું નથી. પણ કેમ! જરા થોભ બેન ! ના ના આ બાળાએ ખરાબી પેદા કરી છે. હવે હું અહીં રહી શું કરું. આબરૂ પણ ગઈ. લોકો માનવનું ભૂંડું બોલવા લાગ્યા. અત્યાર સુધી એનાં વખાણ થતાં હતાં હવે નિંદાની સુરંગો ફૂટવા લાગી. બાળા ખાતર માનવીએ વૈભવ અને આબરૂ ગુમાવ્યા. પણ બાળાને છોડવા તે તૈયાર ન થયો. બાળા એને વધારે ને વધારે ગળે વળગતી ગઈ.

એવામાં વિશ્વાસ આવ્યો અને બોલ્યો તમે મને કાઢી મૂકો તે પહેલાં હું જાતે જ ચાલ્યો જવા માગું છું. માનવ મૂંઝાયો એ ગદ્‌ગદિત કંઠે બોલ્યો.

ના ના તમે બધાં મને એક પછી એક છોડી ચાલ્યાં જશો તો મારૂ કોણ ભઈ ! હું તને નહિ જવા દઉ. તને કેમ કરી કાઢી મૂકાય ? તુજ મારો પ્રાણ છે, તું જ મારૂ સર્વસ્વ છે. તને ગુમાવતાં જિંદગીમાં શેષ શું બાકી રહે ! વર્ષોથી તું મારી સાથે રહ્યો છું અને મારી સાથે રહીશ. તારા જવાથી મારૂ ખેદાન મેદાન થઈ જાય. હવે તું જ મારો આશરો છે. વિશ્વાસ તુજ વિશ્વનો શ્વાસ છું !

માનવીની આંખમાં સંતાપના ઝલઝળિયા આવી ગયા. વિશ્વાસ એને એકલો અટૂલો તરછોડી જઈ ન શક્યો. તો ભલે, થોડો વખત તને તક આપી જોઉ છું. કોઈ રીતે તું સુધરે છે ? વિશ્વાસ એકલો પાછો રહી ગયો. આબરૂને એણે વિનવી કહેણ મોકલ્યું. જગતમાં રહેવા કોઈ સારૂ સ્થાન ન મળવાથી આબરૂ રખડી રખડી પાછી આવી.

એને માનપૂર્વક આવકારવામાં આવી. આબરૂ અને વિશ્વાસે મળી વૈભવને પાછો આવવા બહુ બહુ સમજાવ્યો. આના કાની કરતો તે પણ પાછો આવ્યો. એટલે તો ખેતરમાં પાક ઉતરવા લાગ્યો. ખળાં ભરાઈ ગયાં. ઝાડે ફળફૂલ બેસવા લાગ્યા. ગાય ભેંસના દૂઝણાં શરૂ થયાં લોકો માનવને માન આપવા લાગ્યાં.

બાળાનું ઘરમાં કોઈ સ્થાન ન રહ્યું. એથી એ અકળાઈ, મુંઝાઈ માનવને તે ધિક્કારવા લાગી. તેને છોડી દેવા તે તૈયાર થઈ એણે એની માતા માયા દેવીને કહેવડાવ્યું કે દીકરી તમારી આફતમાં છે. માયાએ એને ચોરી ચૂપકીથી પાછી બોલાવી. માનવના ઘરમાં પાછી લીલા લહેર વરતાઈ ગઈ. એ બાળાનું નામજાણવું છે ?

લ્યો તારે, કહી દઉં ! એનું નામછે લાલચ ! એનાથી સૌ કોઈ ચેતતા રહેજો !

# બલભદ્ર રેવતીજી

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ભગવાન શ્રી કૃષ્ણે બલરામજીને પૂછ્યું, દાઉજી ! આપ જાણો છો કે કૌરવ-પાંડવ વચ્ચે સમાધાન કરાવવાના આપણા બધા પ્રયાસો નિષ્ફળ ગયા છે. હવે જ્યારે બંને પક્ષે યુધ્ધના રણશિંગા ફૂંકાયા છે ત્યારે તમે કોના પક્ષે રહેવાના છો ?

બલરામજીએ કહ્યું, કૌરવો અને પાંડવો બધા જ આપણા સગાં છે. યુધ્ધમાં ઘણી ખુવારી થશે. અનેકની જાનહાનિ થશે. માલ-મિલ્કતને નુકશાન થશે. પ્રજાની પરેશાની વધશે. હું આ બધું જોઈ શકીશ નહિ જીરવી શકીશ નહિ માટે બંને પક્ષના શુભાર્થે હું તો તીર્થયાત્રામાં નીકળી જઈશ. શ્રીકૃષ્ણના પ્રશ્નમાં મુસદ્દીપણું હતું. જ્યારે મોટાભાઈના જવાબમાં નિખાલસપણું હતું. દેવકીનંદન માનતા હતા કે બલરામ દાઉ મહા સમર્થ છે. શક્તિમાન છે. ધાર્યા નિશાન પાડે તેવા છે. યુધ્ધની હારજીતમાં તેમનો પ્રભાવ ઘણો મહત્વનો બની શકે તેમછે.

બલરામજીને બે માતાઓ હતી. દેવકીજી અને રોહિણી. પ્રથમ તેઓ દેવકીજીના ગર્ભમાં આવ્યા પરંતુ પાછળથી રોહિણીથી આકર્ષાઈને રોહિણીના ગર્ભમાં પ્રવેશ કર્યો. ગર્ભ સમય પૂરો થયો ત્યારે રોહિણી માતા થકી જન્મ પામ્યા. કેટલાક તર્ક શાસ્ત્રીઓ એવો અભિપ્રાય વ્યક્ત કરે છે કે મામા કંસ દેવકીજીથી જન્મ પામતા વાસુદેવજીના બધા સંતાનોને મારી નાખતા હતા તેથી તેમણે રોહિણીના પેટે જન્મ લીધો. તાર્કિક દ્રષ્ટિએ આ કથન યોગ્ય લાગે પરંતુ તેને શાસ્ત્રોક્ત કોઈ આધાર નથી મળતો. રોહિણીનો આ પુત્ર બચપણથી જ બધાને વહાલો લાગતો તેથી બધા તેને રામ કહીને બોલાવતા. આ રામ પાછા બળવાન પણ હતા. તેથી બલરામ તરીકે પ્રસિદ્ધ થયા. કૃષ્ણ અને બલરામ સાથે જ ગોકુળમાં ઊછર્યા હતા.

શ્રીકૃષ્ણનું મુખ્ય આયુધ સુદર્શન ચક્ર છે તેમ બલરામનું આયુધ હળ હતું. બંને ભાઈઓના બધાં શસ્ત્રો દિવ્ય હતાં. એકવાર યમુનાના તટ પ્રદેશમાં ગોપ ગોપીઓ તથા શ્રીકૃષ્ણ બલરામ વિહાર કરતા હતા. યમુનાનો જળ પ્રવાહ સામે કાંઠે વહેતો હતો. બલરામને થયું કે યમુનાનું પાણી આ કાંઠે વહે તો ગોકુળવાસીઓને વધુ અનુકુળ રહે. તેમણે યમુનાના પ્રવાહને હળાયુધથી ખેંચી આ કાંઠે વહેતો કર્યો. એક પ્રસંગે ક્રોધના આવેશમાં દાઉજીએ હસ્તિનાપુરને પણ હળથી ખેંચીને હલબલાવી નાખ્યું હતું. બંને ભાઈઓને સુદર્શન ચક્ર અને હળ જેવાં અલૌકિક આયુધો ક્યાંથી મળ્યા હતા. તેનો પણ રસિક ઈતિહાસ છે. કનૈયાએ કંસનો વધ કર્યો તેથી તેનો બદલો લેવા જરાસંધે મથુરા પર ત્રાટકવા સૈન્યને આદેશ આપ્યો. કંસ મથુરા પર હલ્લો ન કરે અને મથુરાની પ્રજાને નુકશાન ન થાય તે માટે શ્રીકૃષ્ણ-બલરામ બંને ગુપ્ત રીતે મથુરા છોડી પરશુરામ પાસે પહોંચી ગયા. પરશુરામે બંને ભાઈઓને કહ્યું કે તમે સહયાદ્રિના ઉચ્ચત્તમ શિખર એવા ગોમંતક પર્વત ઉપર જાઓ. એ સ્થળ ઘણું દુર્ગમછે. ત્યાં ઘણા દિવ્ય આયુધો પડેલાં છે. આમ ચક્ર, હળ, કૌમોદકી ગદા, મુશળ જેવાં ઘણાં હથિયારો તેમને ત્યાંથી પ્રાપ્ત થયાં હતાં. હરિવંશના વિષ્ણુપર્વમાં આ બધી હકીકતનું વર્ણન મળે છે. ગોમંતક ગિરિ ગોવાની આસપાસનો પ્રદેશ હોવાનું અનુમાન છે.

બલરામજી ગદા યુધ્ધના નિષ્ણાંત હતા. જરાસંધ પણ ગદાયુધ્ધમાં ઘણો પ્રવિણ હતો. છતાં બલરામજીએ જરાસંઘને સતરવાર હરાવ્યો હતો. દાઉજીએ દૂર્યોધન અને ભીમને પણ ગદાયુદ્ધનું શિક્ષણ આપ્યું હતું. તે સમયમાં ગદાયુધ્ધનું મહત્વ ઘણું હતું. શ્રીકૃષ્ણ મોટાભાઈ બલરામને ઘણું માન આપતા તેમ છતાં તેમના ભોળપણનો લાભ લઈ સમજાવી-પટાવીને તેમની પાસેથી ધાર્યું કામ કરાવી લેતા. કેટલાક પુરાણોમાં લક્ષ્મણને અને બલરામને શેષના અવતાર હોવાનું લખ્યું છે પરંતુ શ્રીમદ્ ભાગવત કહે છે કે બલરામજી શ્રીકૃષ્ણ ભગવાનના અંશરૂપ અવતાર હતા.

બલરામજીને પાસાની રમત ખૂબ ગમતી. રમતી વખતે કોઈ તેમાં અંચઈ (જુઠ્ઠુ બોલે) કરે તો તે સહન કરી શકતા નહિ. એકવાર રમતમાં કોઈ કલિંગુ નામના રાજાએ અંચઈ કરી તો તેને એવી જોરદાર થપ્પડ મારી કે તેના બધા દાંત પડી ગયા. લોહી નીકળવા લાગ્યું અને ચક્કર આવી ગયા. દાઉજી ઘણા ઉગ્ર સ્વભાવના હતા. શરીરે ગૌર વર્ણના અને દેખાવડા હતા. તેજસ્વી મુખારવિંદથી તેમનું વ્યક્તિત્વ ઘણું મોહક અને પ્રભાવશાળી લાગતું. બલરામજીને શ્યામરંગી વસ્ત્રો પહેરવાં વિશેષ ગમતાં. કાળા વસ્ત્ર પરિધાનથી શોભિત

ગૌરબદન એટલે કોન્ટ્રાસ્ટ મેચીંગ ઘણું અદ્‌ભુત અને દર્શનીય લાગે.

બલરામજીના લગ્ન સૂર્યવંશી કન્યા રેવતી સાથે થયા હતા. રેવતીનો ઈતિહાસ પણ રોચક છે. વૈવસ્વત મનુની પેઢીમાં આનર્ત નામે એક રાજા થઈ ગયો. તેને રેવત નામે એક પુત્ર હતો. રેવતે ભારતના પશ્ચિમ પ્રદેશમાં કુશસ્થલિ નામનું એક નગર વસાવ્યું. કુશસ્થલિ એટલે હાલનું દ્વારકા. આ રાજાને ધૃતરાષ્ટ્રની જેમ સો પુત્ર હતા. સૌથી મોટો પુત્ર રેવ હતો. તે કુકુદિન નામથી પણ ઓળખાતો હતો. આ રેવને રેવતી નામે એક કન્યા હતી. કન્યા ઉંમર લાયક થઈ એટલે પિતાએ પરણાવવાનું વિચાર્યું. બાપને ખ્વાહિશ હતી કે મારી દીકરીને સમર્થ, શક્તિશાળી, ચતુર, બુધ્ધિવાન, રાજપાટ ધરાવતો અને પ્રતિષ્ઠિત રાજકુળનો મુરતિયો મળે. તે કન્યાને સાથે લઈ બ્રહ્માજી પાસે ગયો. એ સમયે ત્યાં દેવો, રૂષિઓ અને ગાંધર્વોનું એક સંગીત સંમેલન ભરાયું હતું. રેવ થોડીવાર તો ઉભો રહ્યો, પરંતુ પછી લાગ્યું કે અહીં આપણી દાળ નહિ ગળે. થોડીવાર પછી એ સત્યલોકમાં ગયો. સત્યલોકમાં પહોંચ્યો ત્યાં સુધીમાં તો સત્યાવીસ ચોકડી વીતી ગઈ. અને અઠ્યાવીસમી ચોકડીનો દ્વાપર યુગ પણ પસાર થઈ ગયો. એક ચોકડી એટલે ચાર યુગનો સમય. આટલા મોટા સમયગાળા દરમ્યાન પૃથ્વી ઉપર કેટલીયે ઉથલપાથલ થઈ ગઈ. ભારતમાં પણ અનેક ફેરફાર થઈ ગયા હતા. રેવે બ્રહ્માજીને પૂછ્યું, આ મારી એકની એક દીકરી છે. તે પરણાવવા લાયક થઈ છે. એનો હાથ હું કોને સોંપુ ? બ્રહ્માજીએ કહ્યું, તારી કન્યા ઘણી સદ્‌ભાગી છે. પ્રતિભાવંત નારીઓમાં તે સ્થાન પામશે. પૃથ્વી ઉપર હાલ ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના મોટાભાઈ બલરામજી વિચરણ કરે છે. કન્યાના લગ્ન બલરામજી સાથે કરજે. વિધિના કહ્યા પ્રમાણે રાજાએ ખૂબ ધામધૂમથી રેવતીને બલરામજી સાથે પરણાવી. અને પોતે બદરિકાશ્રમમાં નરનારાયણદેવની સાનિધ્યમાં તપ કરવા માટે ચાલ્યો ગયો. આમ બલરામજીનો રેવતી સાથે ગૃહ સંસાર શરૂ થયો. દાઉજીને સંતાનમાં વત્સલા નામે માત્ર એક પુત્રી જ હતી. વર્તમાનકાળે બલરામજી પોતાના ધર્મ પત્ની રેવતીદેવી સાથે અમદાવાદની બગલમાં જ આવેલા જેતલપુર ગામે વિરાજે છે. હરિભક્તોના મુમુક્ષુઓના અને સર્વ શ્રધ્ધાળુઓના મનની મહેચ્છાઓ સાકાર કરે છે. મનુષ્યોની અભીપ્સા પૂરી કરે છે. બલદેવજી પરદુઃખહારી છે. શરણે આવનારના સહાયક છે. સ્વભાવના ભોળા છે. "કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય." એવા દયાળુ અને કરુણાભીના છે. સાચી શ્રધ્ધાથી, સત્યનિષ્ઠાથી અને સદ્‌ભાવથી જે કોઈ વ્યક્તિ તેમની પાસે આવે છે તેમની મુશ્કેલીઓ નિવારી અંતરની અપેક્ષાઓ પૂર્ણ કરે છે.

ભગવાન શ્રીહરિએ જેતલપુરમાં અભૂતપૂર્વ મહારૂદ્રયજ્ઞ કર્યા ત્યારે અઢાર દિવસ સુધી યજ્ઞકુંડમાં યજ્ઞના અધિષ્ઠાતા દેવને હજારો ભૂદેવો દ્વારા ઘીની અખંડ ધારાઓ વડે આહુતિઓ આપી હતી. અસંખ્ય બ્રાહ્મણો, ભક્તજનો અને સમગ્ર દેશના ખૂણેખૂણેથી આવેલ બેસુમાર સ્ત્રી-પુરૂષો દરરોજ ખૂબ ઘી નાખેલા લાડુ જમી જમીને ખૂબ જ તૃપ્ત થઈ ગયા હતા. જેતલપુર ગામની પ્રશંસા કરતા સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે જેતલપુરની ભૂમિ દેવભૂમિ છે. ચમત્કારિક ભૂમિ છે. અમે આ ગામમાં ઘેરઘેર ફર્યા છીએ. ઘેર ઘેર જમ્યા છીએ. ગામની આસપાસ સીમાડામાં પણ ફર્યા છીએ. દેવ સરોવરમાં ઘણીવાર નાહ્યા છીએ. અમે અહીં યજ્ઞ કર્યા છે. સમૈયા કર્યા છે. અને અનેક લીલાઓ કરી છે. પુષ્કર, પ્રયાગ, કાશી, દ્વારકા, ગંગા, યમુના, ગોદાવરી, ગયા, નર્મદા, તાપી આ બધા તીર્થોનો અહીં નિવાસ છે. માટે ગોકુળ, મથુરા કરતા પણ આ જેતલપુર ગામઅતિ પવિત્ર છે. મોક્ષને આપનારું આ ધામછે. જીવના કલ્યાણને કરનારું આ ધામ છે. તીર્થોમાં સર્વોત્તમ એવું આ ધામ છે. અમારા આશ્રિતજનો, સત્સંગીજનો અને મુમુક્ષુજનો સર્વેએ આ જેતલપુરધામની, અહીંની વાડીની ગામના સીમાડાની, દેવ સરોવરની શ્રધ્ધા પૂર્વક મુલાકાત લેવી. સંતોના પગલાંથી અંકિત થયેલી આ ભૂમિ અતિશય પવિત્ર છે. વળી અમે સંકલ્પ કરેલાં છે કે ભવિષ્યમાં આ હરિક્ષેત્રમાં બલભદ્ર-રેવતીજી બિરાજશે. બલરામજી ઘણા દયાળુ પ્રકૃતિના છે. તેમના દર્શને આવનાર સર્વ મનુષ્યોના મનોરથો તે સિધ્ધ કરશે. અમે પણ આ હરિક્ષેત્રમાં દિવ્ય સ્વરૂપે હર હંમેશ તેમની સાથે જ રહેશું.

**સિધ્ધપુર મંદિરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર (હાઈવે)ના મહંતપદે બીલીયા મંદિરના સ.ગુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજીની નિયુક્તિ કરી છે.

# એક ઓળખ ધર્મગુરુની

## (પ.પૂ.ધ.ધુ. ધર્માચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી)

- નટુભાઈ પટેલ (રાજપુરવાળા - હાલ કેનેડા)

આજના યુગમાં માનવી ભૌતિક સુખોની માયાજાળમાં અટવાઈ ગયો છે. તણખલું પકડી, ભવસાગરના મધદરિયે તરવા-બચવા મથતો હોય છે. સમજણને સાચી સમજણ સુધી સમજી શકતો નથી. અગણીત પ્રયત્નોથી ઉકેલ શોધે છે. પણ પરિણામ શૂન્ય કેવળ શૂન્ય. ઘાંચીની ઘાણીના બળદની જેમ ત્યાંને ત્યાં અંતર કપાય કે નિર્ધારિત સ્થાનની પ્રાપ્તિ થાય. કેવળ નિરાશા અશાંતિ, દ્વિધા અને ઉદ્વેગના ચકરાવ સિવાય કંઈ જ પામી શકતો નથી.

ક્યારેય વિચાર્યું છે ? શા માટે આવું થાય છે. યંત્રયુગમાં કથળતું જતુ આ તંત્ર કેમ અધોગતિની દિશામાં જાય છે. ભલે એ વાતનો સ્વીકાર આપણે ના કરીએ પણ એટલું ચોક્કસ છે કે કોઈક વિશેષ પ્રકારના બળની ઉણપને લઈને આવું થાય છે. આ તણાવ અશાંતિ અસ્વચ્છતા ને કોઈક અસાધારણ આધ્યાત્મિક પોષણની જરૂર છે. આપણી વ્યવહારિક અને સામાજીક સમજ ને જો આધ્યાત્મિક શક્તિથી ચલાવીએ તો, આ પોષણ મળી રહે. આ આધ્યાત્મિક શક્તિ શું છે ? કેવળ મનની દિશાને નિયમન અને નિયંત્રણ આપીએ તો શક્ય બને.

સર્વકારણના કારણ એવા સર્વઅવતારી પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ શાસ્ત્રના સાર સમી શિક્ષાપત્રી જેવો અજોડ ગ્રંથ આપ્યો એનો અભ્યાસ એક માત્ર દવા છે, વિકલ્પ છે.

ધર્મ શું છે ? જ્ઞાન શુ છે ? ભક્તિ - વૈરાગ્ય શું છે ? જીવ આ બધાનો સમન્વય કરીને જીવે તો આ દેહ કરીને માયાજાળ થી છૂટે તે સાચા સુખને પામે, જેમ દવા લીધા વગર દર્દ ના મટે તેમ શિક્ષાપત્રીના અભ્યાસ વગર આ માંથી છૂટકારો મળતો નથી. અંદર ઉતરવું પડે.

ભગવાનના ચાર સ્વરૂપ છે. મૂર્તિ, આચાર્ય, સંત અને શાસ્ત્ર આ સ્વરૂપોનો મહાવરો અનિવાર્ય છે. મૂર્તિ માં મૂર્તિવંતપણું, આચાર્યમાં નિષ્ઠા અને આજ્ઞાકારી પણું, સંતમાં સંતસમાગમ, અને શાસ્ત્રોનો અભ્યાસ અતિ આવશ્યક છે. મૂર્તિના દર્શન કર્યા પણ મૂર્તિમંતપણું પામ્યા નહીં, સંતો નો સમાગમ કર્યો પણ સદ્‌ગુણો આવ્યા નહીં. ધર્મશાસ્ત્રો વાંચ્યા પણ અભ્યાસ થયો નહીં કારણ ? કોઈક વિશેષ પ્રકારના બળની ખામી છે. ખોટ છે, ઉણપ છે અને એ છે ધર્મગુરુની ધર્માચાર્યની, ધર્મગુરુ વિના ભગવાનની મૂર્તિમાં, શીલવંતા સંતોના સમાગમમાં કે ધર્મશાસ્ત્રોના સાદમાં જીવ જોડાતો નથી. અને જીવ ભટક્યા કરે છે માયાજાળમાં થી છૂટી શકતો નથી. અને પછી દુઃખ અશાંતિ નિરાશા, દ્વિધા અને ઉદ્વેગના ચકરાવથી દૂર થઈ શકતો નથી.

આ જીવને સુખીયો કરવા કોઈક સાચા ધર્મગુરુની ખેવના જરૂરી છે. ધર્મગુરુ કોને કહેવાય ? આજના યુગમાં ધર્મગુરુ શોધવા મુશ્કેલ છે પણ સહેલા પણ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહી ગયા છે અમે આ લોકને વિષે નિરંતર અમારા સ્થાપિત આચાર્યના સ્વરૂપે વિચરતો રહું છું. મુમુક્ષુ જીવોના કલ્યાણ અર્થે અમારા થકી અમોએ આજ્ઞા કરેલ છે કે અમારા આશ્રિત એવા સર્વેજનો નું આપ કલ્યાણ કરજો.

જેમને ખુદ ભગવાને આજ્ઞા કરી હોય, ગાદીએ બેસાડ્યા હોય અને ધર્મકુળના વંશજ હોય તેવા આચાર્યની પરંપરા એજ ધર્મગુરુ તરીકે માની શકીએ ઓળખી શકીએ અને સ્વીકારી શકીએ. ચાલો ઓળખીએ આપણાં લાડીલા ધર્માચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને, વર્તમાન ધર્માચાર્ય એવા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજનું પ્રાગટ્ય ધર્મકુળ ગંગોત્રીમાં સંવત ૨૦૨૮ ના વિજયા દશમીના મંગળકારી દિવસે થયું. બાળપણથી જ તેજસ્વી, અસાધારણ વ્યક્તિત્વ, ગુણસંપન્ન અજોડ દિર્ઘદષ્ટિ, અમદાવાદની ઝેવિયર્સ કોલેજમાં અંગ્રેજી માધ્યમ દ્વારા અભ્યાસથી તૈયાર થયા.

સતસંગમાં બાળપણથી જ પિતાશ્રી (પ.પૂ. મોટા મહારાજશ્રી) સાથે વિચરણ કરી પાયો મજબુત કર્યો. લાલજી મહારાજના સ્થાને રહી અગણિત ધર્મસભાઓ, પાટોત્સવ સમૈયા ઉજવ્યા, જેતલપુરધામજેવા અનેક મંદિરોની પદયાત્રાઓ યોજી. યુવા અવસ્થાએ નરનારાયણ યુવક મંડળની સ્થાપના કરી પોતાની સાધનપરાયણતાના મજબૂત આધારને લઈ નાની ઉંમરે જ લાખો આશ્રિત એવા હરિભક્તો ના દિલ જીતી લીધા. વિ. સંવત ૨૦૬૦ આસો સુદ બીજ એટલે ૧૫-૧૦-૨૦૦૪ ના દિવસે શ્રીનરનારાયણદેવ દેશ ગાદી અમદાવાદના પીઠાધિપતિ આચાર્ય પદે બિરાજમાન થયા. પોતાના પિતાશ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીના તમામ સદ્‌ગુણો જીવનમાં ઉતારીને પોતાનો એક એક શ્વાસ સ્વામિનારાયણ ભગવાન અને સતસંગ માટે રહેશે એવી અસાધારણ પ્રતિજ્ઞા કરીને આજે તેઓશ્રી સત્સંગને વધારે ને વધારે આગળ વધારવા માટે રાત-દિવસ દેશ-વિદેશ વિચરણ કરી રહ્યા છે.

એમનામાં ના સમજી શકાય તેવી દૈવિક દીર્ઘદ્રષ્ટિ, અસાધારણ પરોપકારીપણું, સુવિશેષ કાર્યદક્ષતા, સાધનપરાયણતા, અને સર્વજીવ હિંતાવહની અજોડ આશીર્વાદ શક્તિને કારણે નાના મોટા ગામડેથી માંડીને શહેર સુધી, ભારતથી માંડીને નવખંડ ધરતીના ખૂણે ખૂણે એમની અમૃતવાણીનો પ્રતાપ મહેંકી ઉઠ્યો છે. એ પછી ઉત્તર ગુજરાતનું રાજપુર જેવું ગામડું હોય કે પછી અમેરિકા ખંડનું ટોરોન્ટો શહેર હોય, કેવળ માનવ ઉત્કર્ષનો અભિગમ, ભવિષ્યની પેઢીના સંસ્કાર જાળવવા નો ખ્યાલ રાખી, કેવળ કલ્યાણ અર્થે, રાગ, દ્વેષ, અહંકાર, ક્રોધ, ઈર્ષા ઈત્યાદિ હરિભક્તોને અંદરના શત્રુઓ ? ગુંગળાવે નહીં તેનો ખ્યાલ રાખી સતત વિચરણ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉપદેશ પ્રસારવી રહ્યા છે. રાત્રિ કે દિવસ, સારી જગ્યા કે ખરાબ, ગરીબ કે તવંગર, સાદો કે સેલીબ્રેટી નાનો કે મોટો કંઈજ ભેદભાવ રાખ્યા વગર આશીર્વચન આપવામાં અટકાવું નહીં. કોઈપણ જાતના મોભા વગર, કોઈપણ જાતની સુરક્ષા લીધા વગર પોતાના દૈનિક જીવનને કુટુંબથી પર કરીને શ્રીહરિનો સંદેશો જીવતો રાખવાનું કેવળ એકજ લક્ષ લઈ જીવવું એ જ એમનો મહામંત્ર છે. મંદિરો કરી ઉપાસના વધે, કથાવાર્તાના સમૈયા (ઉત્સવ) કરી ભક્તિભાવ વધે, ભાઈચારો વધે એજ એમની વિશેષ આકાંક્ષા છે. કુદરતી સંકટો સમયે સરકાર સાથે, જનસમુદાય સાથે રહી પરોપકારના કાર્યો, નવી પેઢીના બાળકોમાં સંસ્કાર અને સંસ્કૃતિનું જતન કરવાનું કાર્ય, અશ્લીલતાથી દૂર રાખવાનું કાર્ય, વ્યસનમુક્તિ જેવું કઠીન કાર્ય એમના મુખ્ય ઉદ્દેશ છે. સંતો સાથે રહી ધર્મજ્ઞાનના પુસ્તકો લખાવા, તેનું પ્રકાશન કરાવવું, ધાર્મિક ઉત્સવોના સમૈયા કરી સમાજમાં પ્રભુ તરફની જાગૃતતા જાળવવાનું, સંતો દ્વારા કથા પારાયણ કરી દેહ અને મન શુદ્ધિનો પર્યાય વધે તેની જ્યોત જલતી રાખવાનું જબરજસ્ત કાર્ય કરી રહ્યા છે.

ઐશ્વર્ય તો એમના વિચરણમાં ઠેર ઠેર દેખાયું છે. એના વિષે લખવા બેસીએ તો સમય અને શાહી ખૂટી પડે તેમ છે છતાયે લખી ના શકાય. ભગવાનનું અપર સ્વરૂપ હોય પછી એ તો સહજ અને સ્વાભવિક છે.

થોડાક વર્ષો પહેલા પરદેશની ધરતીની આ વાત છે. ઉત્તર અમેરિકાના કેનેડા દેશના અતિ સુંદર એવા રમણિય શહેર ટોરોન્ટો માં વર્ષ ૨૦૦૪ માં ઓગષ્ટ માસમાં હાજર એવા હજારો સાંપ્રદાયિક, બીજા અન્ય તેમજ ગોરા પોલીસ ઓફિસરોને ઐશ્વર્યધારક એવું માનવા મજબુર કરી દીધા.

મૂર્તિ પ્રતિષ્ઠાનો અવસર હતો આગલા દિવસે એટલે કે ૯ મી ઓગસ્ટ ૨૦૦૪, મેઘરાજા સવારથી અનહદ વર્ષી રહ્યા હતા. બંધ થવાનું શક્ય લાગતું જ નહોતું. હવામાન ખાતાની ૧૦૦ ટકા આગાહી હતી કે વરસાદ સમગ્ર દિવસ ધોધમાર રહેશે. પવન વગર નો દિવસ હતો. હરિભક્તોએ ૧.૧/૨ કિલોમીટરની શોભાયાત્રાનું આયોજન કરેલું. પોલીસખાતાની પરમીશન મુજબ પોલીસવાળા આવી ગયા. વરસાદ ધોધમાર ચાલું હતો. આયોજકો નિરાશ હતા. સ્વચ્છ અને સુંદર વસ્ત્રોથી હરિભક્તો તૈયાર હતા. છેવટે નક્કી કર્યું કે શોભાયાત્રા બંધ રાખવી. પણ અમૂક હરિભક્તોને શ્રીહરિની શ્રધ્ધાથી આસ્થા વધી અને શોભાયાત્રા કાઢવી જ એમ નક્કી થયુ. યોર્ક યુનિવર્સીટીના ગેઈટ પાસે વરસાદમાં પહોંચી ગયા. આચાર્ય મહારાજશ્રીએ ઉતારેથી આવવાની તૈયારી કરી

(અનુ. પેજ નં. ૧૫ ઉપર)

# આનંદની હેલી

## પીપાસરમાં જળક્રીડા

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

મેથાણમાં ધૃતભોજન લીલા કરીને સૌને આનંદ આપ્યો. ઘી જમ્યા પછી પ્રભુ કહે કાકાભાઈ ! તમારૂં બધું ઘી અમારે જમવું હતું. પણ કાઠીઓ થાકી ગયા એટલે જમાયું નહિ. એમ કહીને બહુ હસ્યા. જળ મંગાવી જળપાન કરીને શ્રીહરિ સર્વ સખાઓ અને હરિભક્તો સાથે પીપાસરને આરે સ્નાન કરવા પધાર્યા.

ત્યાં આરાની આથમણી બાજુ લીંબતરૂની છાયામાં ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા. વાળંદને બોલાવીને હજામત કરાવી. શૌચવિધિ કરી આવ્યા. લીંબડાથી દક્ષિણ બાજુ આથમણી તરફ પ્રભુએ હાથ-પગ ધોયા. પીપાસરને કાંઠે ઉભેલા સર્વ હરિભક્તોએ કહ્યું કે અમારે જળમાં સ્નાન કરવા જવું છે. તો સૌ સાથે નાવા ચાલો. એમ કહીને મહારાજ ન્હાવા પધાર્યા.

ઘણીવાર સુધી સખાઓ સાથે જળક્રીડા કરતા હતા. મુળજીભાઈ પણ મહારાજની સાથે સ્નાન કરતા હતા. તેઓ તળાવમાં ખૂબ ડૂબકી ડોળની રમત રમતા હતા. તેઓ મહારાજને કડકારીને કહે મહારાજ ! હવે જુઓ હું તમને પકડી પાડીશ. એમ કહીને ડૂબકી મારી મહારાજનો ચરણ ઝાલ્યો. પરંતુ મહારાજે પગ તરછોડીને એવો આંચકો માર્યો કે મુળજી ભાઈ દૂર તળાવમાં ફંગોળાઈ ગયા. મહારાજનું આવું ચરિત્ર જોઈને તેમને મહારાજને વિષે ભગવાન પણાનો નિશ્ચય થયો. અને કહ્યું કે મહારાજ! આપ તો પૂર્ણ પુરૂષોત્તમ સાક્ષાત્ ભગવાન છો.

આ રીતે ખૂબ આનંદ કરીને કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર પધાર્યા અને થાળ જમ્યા.


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

From-IV (see Rule : 8)

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.** |
| | **(સંસ્થાપક)** | | **આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

# સત્સંગ સુરભિ

## સંપ્રદાયનો શણગાર "શ્રીહરિનો થાળ"

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

શ્રીજી મહારાજે પ્રવર્તાવેલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સર્વ રીતે વૈભવશાળી છે. સંપ્રદાયનું સુગ્રથિત બંધારણ એટલે આપણી શિક્ષાપત્રી અને શિક્ષાપત્રી એટલે ગાગરમાં સાગર !

એવી જ રીતે શ્રીહરિએ સ્વયં પ્રમાણિત કરેલી મુક્તાનંદ સ્વામી રચિત આરતી "જય સદ્‌ગુરુ સ્વામિ..... થી મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સિધ્ધિ" - આ આરતી પણ સંપ્રદાયનું અમૂલ્ય નજરાણું છે - 'સિધ્ધિ સહિતની મુક્તિ' આટલી સુગમપહેલાં ક્યારેય નહોતી !

આરતીની સાથે સાથે સવાર સાંજ નિત્ય ગવાતો, સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી રચિત શ્રીહરિનો થાળ.

'જમો થાળ જીવન જાઉં વારી..... આ થાળ આપણા સંપ્રદાયનો અદ્‌ભુત અને વૈભવશાળી થાળ ગણાય છે. શ્રીજી મહારાજે વારંવાર એને ગવડાવેલો અને પ્રમાણિત કરેલો છે.

માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય જ નહિ પરંતુ અન્ય પરોક્ષના સંપ્રદાયના વડાઓએ પણ આ થાળની મુક્ત મને પ્રસંશા કરેલી છે.

આજથી સતર વરસ પૂર્વે આપણાં રજત જયંતી સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે યુનિ. ગ્રાઉન્ડ, ડ્રાઈવ ઈન રોડ અમદાવાદમાં શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈજી) ની ભાગવત કથા પારાયણનું આયોજન કરવામાં આવેલું. એ સપ્તદીવસીય સત્રમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સવાર-સાંજ સભા મંડપમાં પધારે તે વખતે પૂ. મહારાજશ્રી તથા શ્રી રમેશભાઈ ઓઝા પરસ્પર અભિવાદન કરે, પછી મહારાજશ્રી સિંહાસન ઉપર વિરાજમાન થાય.

એ વખતે શ્વેત વસ્ત્ર અને લાલ પાઘ ધારણ કરેલા પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજ અને એમને વિંટળાઈને આવતા કાષાયવસ્ત્ર ધારી સંતોના સમૂહને જોઈને શ્રી રમેશભાઈઓઝા એ કથામાં શ્રોતાજનોને આ વાત કરેલી.

"જ્યારે જ્યારે આ રીતે સંતોના સમૂહ મધ્યે આવતા આચાર્યશ્રીને જોઉં છું ત્યારે ત્યારે જાણે પારિજાતનાં પુષ્પોની શોભા અને સુગંધ સ્વયં રેલાતી ચાલી આવતી હોય તેવું અદ્‌ભુત એમનું આકર્ષણ મને હંમેશા મંત્ર મુગ્ધ કરે છે.

'વળી સ્વામિનારાયણ સંપ્રદાયનો નિત્ય ગવાતો થાળ "જમો થાળ જીવન જાઉ વારી..... એ થાળ પણ સંપ્રદાયનો અદ્‌ભુત થાળ છે. આટલો સરળ છતાંય રસાળ થાય અન્યત્ર મળવો મુશ્કેલ છે."

આપણા આ વૈભવશાળી થાળથી તો સર્વે સત્સંગીજનો સુપરિચિત છે. પરંતુ ભૂમાનંદ સ્વામીએ જે સંજોગોમાં આ 'શીઘ્ર-થાળ' રચ્યો એ પ્રસંગ પણ એવો જ અદ્‌ભુત છે !

શ્રીજી મહારાજની આજ્ઞાથી ભૂમાનંદ સ્વામી ગામડામાં સત્સંગની અભિવૃદ્ધિ અર્થે વિચરણ કરતા હતા. તે વખતે સંતોને અપાર કષ્ટ પડતાં હતાં. સ્વામી એક ગામમાં ગામ બહાર ઉતર્યા હતા. શિયાળાના દિવસો હતા. ઠંડીથી આખું શરીર ફાટી ગયેલું. રૂધિરની ટશરો શરીરમાંથી વહેતી હતી. પાસે પૂરતાં વસ્ત્રો તો હોય જ શાનાં ? અધુરામાં પુરું દિવસે ગામડાંઓમાં ભગવદ્ વાર્તા કરવા જતા ત્યારે આસુરીજનો પણ વિશેષ ત્રાસ આપતા, સ્વામીને તાડન પણ કરતા. ખાવા પીવાનું તો મળે જ શાનું? આવાં દુઃખોમાં પણ મહારાજની મૂર્તિ અને એમની આજ્ઞાનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ સ્વામીથી ભૂલે પણ થતું નહોતું.

એક સમયે તો સ્વામીને ચાર ચાર દિવસ લાગલગાટ ઉપવાસ થયા, કાંઈ પણ જમવાનું મળ્યું નહિ. પાંચમે દિવસે સવારે બીજા ગાડામાં ફરતાં કોઈ સંત, શ્રીહરિની ઈચ્છાથી ત્યાં પધાર્યા અને સ્વામીની આવી કૃશ અને દયનીય દશા જોઈ તેમને ઘણી જ દયા આવી. એમની પાસે શિયાળાનો ઘઉંનો પોંક હતો તે સ્વામીની આગળ ધર્યો.

આટલું પણ ભોજન મળવાથી મહારાજની મૂર્તિ સંભારીને સ્વામી ગદ્ગદ્ થઈ ગયા અને મહારાજની ઈચ્છાથી આવી મળેલો આ પોંક, અત્યંત ભાવથી ગદ્ગદ્ કંઠે અને રોમાંચિત ગાત્રે સહિત શ્રીહરિને જમાડવા લાગ્યા. જમાડતી વખતે સહજ પણે નીચેનાં શબ્દો થાળ સ્વરૂપમાં ગોઠવાતા ગયા!

"જમો થાળ જીવન જાઉં વારી

ધોઉં કરચરણ કરો ત્યારી જમો.

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને,

ભૂમાનંદ કહે રાજી થઈને.... જમો."

પોષ માસની શીશીર ઋતુમાં, ખેતરમાં આવો અત્યંત ભાવનાશીલ અને અવનવા વ્યંજનોથી ભરપૂર રસાળ એવો આ થાળ સ્વામી, સુંદર કંઠે ગાવા લાગ્યા અને શ્રીજી મહારાજ ત્યાં સ્વયં પ્રગટ થયા!

થાળમાં જે જે વસ્તુઓનાં નામસ્વામી બોલતા ગયા તે સર્વે વસ્તુઓ સ્વામી દેખે એ રીતે શ્રીજી મહારાજ જમ્યા અને થાળની એ અલૌકિક પ્રસાદી સ્વામીને પણ આપી. સ્વામીનાં દુઃખો જોઈ શ્રીહરિ પોતે પણ ગદ્ગદ્ થઈ ગયા અને સ્વામીને આશ્વાસન આપ્યું અને પછી અંતરધ્યાન થઈ ગયાં.

ત્યાર પછી ત્રણ ચાર દિવસે સ્વામી ગઢપુર પહોંચ્યા. આશરે સવારના દશેક વાગ્યાનો સમય થયેલો. શ્રીજી મહારાજ માટે થાળ તૈયાર થયો હતો, એવામાં સ્વામી પધાર્યા. સ્વામીને આવતા જોઈ મહારાજ સામા ગયા અને સજળ નેત્રે સ્વામીને ભેટ્યા. સ્વામીના નેત્રોમાંથી પણ અષાઢી મેઘ વરસવા લાગ્યા. સ્વામીએ સહન કરેલાં દુઃખોથી મહારાજ ગદ્ગદ્ થયા અને સ્વામી પણ મહારાજનાં દર્શન કેટલાક સમયના વિયોગ પછી થતાં પ્રેમાશ્રુથી ગદ્ગદ્ થઈ ગયાં. અને પોતાનું ભાન પણ ભૂલી ગયા. ભક્ત અને ભગવાન, સેવક અને સ્વામીનું એ અદ્ભુત મિલન હતું.

ભૂમાનંદ સ્વામીને શાંત્વના આપી, શ્રીહરિ જમવા પધાર્યા, ત્યારે સ્વામીને પાસે બેસાડી 'જમો થાળ જીવન જાઉં વારી....' એ થાળ ગવડાવ્યો - ફરી બોલાવ્યો, ત્રીજી વખત બોલાવ્યો. આમ ત્રણ ત્રણ વખત શ્રીહરિએ પ્રેમથી એ થાળ સાંભળી એમાં એવું અમૃત રેડ્યું કે આજેય જ્યારે જ્યારે આ થાળ ગવાય છે ત્યારે જીવંત અને સુમધુર લાગે છે! શ્રીહરિને આ થાળ બહુ ભાવ્યો અને કાયમ માટે આ થાળ જ ગવાય - એવું પ્રમાણપત્ર પણ આપી દીધું!

સંપ્રદાયની જે જે વસ્તુ મોભાદાર બની છે તેની પાછળ ઊંચી ભાવના અને આજ્ઞાપાલનની દઢતા રહેલી છે. વિકટ સંજોગો અને દુઃખોમાં પણ પોતાના પ્રીતમ જે ભગવાન તેમને ભાવનાપૂર્વક, ગદ્ગદ્ કંઠે અને રોમાંચિત ગાત્રે, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને જમાડવાનું ભક્ત ભૂલતો નથી અને એટલે જ ભૂમાનંદ સ્વામીનો આ થાળ સંપ્રદાયનો અમૂલ્ય શણગાર બની આજેય શોભી રહ્યો છે!

ભૂમાનંદ સ્વામી રચિત થાળ તો શિરમોર છે જ પરંતુ સંતોએ રચેલા બીજા થાળ પણ એવા જ ભાવવાહી અને રસાળ વ્યંજનોથી ભરપૂર છે!

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી રચિત મોટો થાળ પણ અનોખી ભાત પૂરી પાડે છે ! આજે પણ કાળુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના રંગ મહોલ શ્રી ઘનશ્યામમહારાજની સલુણી મૂર્તિ સમક્ષ વર્ષોથી આ મધુર-મોટો થાળ ગવાય છે ત્યારે જાણે શ્રીહરિ સમક્ષ અન્નકૂટ આયોજાતો હોય એવું લાગે ! આ થાળમાં સો થી ઉપરાંત વ્યજનો, પકવાનો, વાનગીઓનું વર્ણન છે.

સેવૈયા મોતૈયા લાડુ, સેવદળ ના લાડુ, ખાજાં ને ખુરમા, ગોળનાં ચુરમા, જલેબી ઘેબર, બરફી, પેંડા, પતાસા, મરકી, મૈસુબ, સુતરફેણી, ગગન ગાંઠીયા, ગુંદવડાં, ગુલાબપાક, ગુંદર પાક, સાકરિયા, ચણા, ટાઢો ટોપરાપાક, સક્કરપારા, સેવો, ગળયો તથા મોળો કેસરિયો બીરંજ, સાકરનો ધોળો શિરો, ઘી થી રસબસ લાપસી અને કંસાર, ખીર, ખાંડ, ઘી-રોટલી, બદામચારોળી યુક્ત દુધપાક, પૂરી ને કચોરી, પૂરણ પોળી, પાપડ, પૂંડલા, મીઠા માલપૂડા, મીસરી-માખણ-માવાથી યુક્ત દહીંવડા, ઘઉંની બાટી, બાજરીની પોળી, સુંદર તલસાંકળી, ગોળપાપડી, ગાંઠિયા, કળીને ફુલવડી, ભજિયા, વડા, સુંદર દહીં થરિયાં, વઘારેલા ચણા, ગુંજા, મઠિયા, ફરસી, ફાફડા, અળવી આદુનાં ભજિયાં.

ઘીમાં તળેલું સુરણ અળવી ને રતાળું, તલેલાં પરવળ, વંતાક અને વાલોળ, કંકોડા, કોળાં, કેળાં, કારેલાં, ગલકાં, તુરિયા, ચોળી, વાલોળ, દૂધિયા, ડોડા, ગુવારની ફળીઓ, લીલવાં, ભીંડાની કળીઓ, તાંદળજો, મેથી, મૂળા, મોગરી, સુવાની ભાજી, ડોડીની ભાજી, સુંદર વઘારેલી

કઢીને વડી, નૈયાના રાયતાં.

સ્વાદુ અથાણામાં લીંબુ, મરચાં, આમળા, આદુ, રાયતાની કેરી, બોળ કેરી, ખારેકને દ્રાક્ષ, કેરાં, કરમદાં, બીલાં, વાંસ ગરમરીયો, એલાયચી, આંબામોર અને સુંદર સુગંધીવાળો પંખાળીનો ભાત, તુવેરની દાળ, મસુરની દાળ, મગની દાળ, અડદની દાળ, ચોળાની દાળ, ચણાની દાળ.

અનેક વિધ મીઠાઓ, ફરસાણ, શાક, અથાણાં દાળ ભાત વિ. પીરસીને સ્વામી કહે છે :

જે જે કાંઈ જોઈએ રે, તે કે'જોજી અમને,
કાંઈ કસર કરો તો રે, મારા સમ તમને.

છેલ્લે ચળુ કરી, પાન બીડી આપી હરિવરને બિછાવેલી ફૂલ સેજ ઉપર પોઢવા માટે વિનંતી કરે છે અને અતિ હરખથી શ્રીહરિનાં ચરણ સેવવા હેયુ થનગને છે !

દયાનંદ સ્વામી રચિત રાત્રિનાં ભોજનનો થાળ - "રૂડી રાંધી મેં રસિયાજી, ખાતે ખીચડી રે...." માં વાત તો દાળ-ચોખાની ખીચડીની જ છે પરંતુ થાળ એવો જતન કરીને ગુંથ્યો છે કે માખણ શી ચડેલી સ્વામીની મધુર ખીચડીની સોડમ અંતરમાં ઉતરી જાય એવો મખમલી એ થાળ છે !

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે હિંદી ભાષામાં રચેલો જેતલપુરનો થાળ પણ મનમોહક થાળ છે. તો જેરામબ્રહ્મચારી રચિત શ્રીહરિનો **Instant** થાળ પણ અત્યંદ સુંદર છે એમાં કાઠિયાવાડી કઢીની અનેરી સોડમ છવાયેલી છે !

આપણા સંપ્રદાયનાં આ સર્વે થાળો અત્યંત સુંદર છે, પ્રગટ પુરુષોત્તમનારાયણને પ્રત્યક્ષ સંભારીને ભાવપૂર્વક રચેલાં સર્વે થાળોમાં પ્રત્યેક વ્યંજન એની આગવી સોડમથી મહેકી ઊઠે છે. કેમ કે એ પ્રત્યેક વાનગીની શ્રીહરિએ સ્વયં પ્રસાદી ગ્રહણ કરી છે પછી પ્રસાદી રૂપે ભક્તને પાછી આપી છે !

સંપ્રદાયના અનુપમ વૈભવ અને શણગાર સમાં આ થાળનું ભાવપૂર્વક જતન કરીએ.

## એક ઓળખ ધર્મગુરુની
### (પ.પૂ.ધ.ધુ. ધર્માચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી)

(અનુ. પેજ નં. ૧૧ નું ચાલુ)

હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ, સંતો, સત્સંગીઓ પહોંચી ગયા. વરસાદ ચાલું હતો પરંતુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધારતાની સાથે જ મેઘરાજા એકદમ બંધ થઈ ગયા. વાજતે ગાજતે હજારો નર-નારી ભક્તો સંતોની સાથે જોડાયા. ઉઘાડ નીકળ્યો. જાણે ઉનાળાનો દિવસ ન હોય ! ધૂમધામથી શોભાયાત્રાની શરૂઆત થઈ ! વરસાદ આટલા જ માર્ગમાં બંધ હતો. આજુબાજુમાં કાળુ ડિંબાંગ આકાશ હતું. અને શોભાયાત્રા પુરી થઈ. શ્રીહરિની મૂર્તિ સાથે પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતો મંદિરના કમ્પાઉન્ડમાં પહોંચ્યા અને ફરીથી ગાજવીજ સાથે વરસાદ ચાલું થઈ ગયો ! હજારો હરિભક્તો અને ત્યાંની સ્થાનિક પ્રજા આ દ્રશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ ! આવુ ઐશ્વર્ય કોણ કરી શકે ? આ સનાતન સત્ય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના વંશજ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કે જેમનામાં શ્રીહરિનો વાસ છે અને એના બળે કરીને આવું ઐશ્વર્ય થાય. આવા તો અનેક ઐશ્વર્ય છે. જેને લખવા કોઈ સમર્થ નથી. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. વ્યાપકાનંદ સ્વામી કે પછી આદિ આચાર્યશ્રી દાદા અયોધ્યાપ્રસાદજી મહારાજની યાદ અપાવી જાય છે. કળિયુગમાં પણ અનેક પરચાઓ આપણે જોયા છે, જાણ્યા છે અને અનુભવ્યા છે.

હજારો સંતો, લાખો મુમુક્ષો, કરોડો આશ્રિત હરિભક્તોના આ ધર્મગુરુની એક દર્શન ઝાંખી માત્ર મનને શાંતિ, પ્રસન્નતા અપાવા પુરતા છે. એટલું જ નહી પણ એમની વાણી આશીર્વચનને લઈ ભવસાગર પાર ઉતરી જવાય. જન્મ-મરણના ફેરા ટળી જાય.

પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પને સાકાર કરતું ભગવાન શ્રી સ્વામિનારાયણ વડે સ્પર્શ થયેલ, વપરાયેલ ચીજ વસ્તુઓ એક જગ્યાએ એકત્ર કરી, અત્યંત આધુનિકરણ અને વૈજ્ઞાનિક ટેકનિકલથી તૈયાર થયેલ મ્યુઝિયમના ઉદ્‌ઘાટનના અતિ પાવન પ્રસંગે દર્શન કરી એમની અમૃતવાણીનો લાભ લઈ સાચા ધર્મગુરુની એક ઓળખ પુરી કરીએ.

## સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### શ્રી નરનારાયણદેવનો જય જયકાર

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

શ્રીજી મહારાજ કહે છે કે "અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એ જ હાદ છે જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તે આ સભામાં નિત્ય બિરાજે છે. તે સારું મુખ્યપણું લાવીએ છીએ અને તે સારું અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખર્ચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે." (જેતલપુર-૫)

પરમકૃપાળુ ઈષ્ટદેવ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાને આ ધરતી ઉપર પ્રગટ થઈને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો. અનંત લીલા ચરિત્રો કર્યા અને જગતના મુમુક્ષુ જીવાત્માઓના શ્રેય માટે દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર આ ચાર સ્વરૂપે ધરતી ઉપર સદા પ્રગટ રહેવાનો સંકલ્પ કર્યો હતો અને એમાં દેવ સ્વરૂપે દર્શન દેવાની શરૂઆત અમદાવાદથી થઈ.

સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી આનંદ સ્વામીએ અમદાવાદમાં ત્રણ શિખરનું સુરમ્ય મહામંદિર તૈયાર કરાવ્યું. એમાં શ્રીજી મહારાજને રાજી કરવા માટે હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી એ રીતે મંદિર નિર્માણનું કાર્ય સંપન્ન થયું. વિચાર કરો કે આ ધરતી ઉપર સંપ્રદાયનું પહેલ વહેલું મંદિર અને આ પ્રથમ આવેલો પ્રતિષ્ઠા મહોત્સવ. આખાય સંપ્રદાયમાં અનેરો આનંદ ઉત્સાહ લાવી દે એમાં જરાય નવાઈ નથી.

સ્વામિનારાયણ ભગવાને સ્વયં પ્રતિષ્ઠા દિન નક્કી કર્યો. અને એ પવિત્ર દિન હતો સંવત ૧૮૭૮ ફાગણ સુદ-૩ રવિવાર, તા. ૨૪-૨-૧૮૨૨. પ્રતિષ્ઠાના આગલા દિવસોમાં લાખોની જન મેદની અમદાવાદમાં એકઠી થઈ ગઈ હતી. અને એ સૌ કાંકરીયાની ચારે તરફ આંબલીઓના જંગલમાં ખુલ્લા ખેતરોમાં ઉતર્યા હતા. સ્વામિનારાયણ ભગવાન પણ આઠ દિવસ અગાઉ અમદાવાદમાં આવી ગયા હતા. અને પ્રભુએ પોતાનો ઉતારો કાંકરીયામાં જ ભક્ત સમુદાય વચ્ચે રાખ્યો હતો. (જ્યાં હાલ છત્રી છે. હનુમાનજી બિરાજે છે અને શિખરબંધ મંદિર છે.)

ફાગણ સુદ-૩ ના પુનિત દિને ધામધૂમથી વેદવિધિ અનુસાર સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં ઘાલીને મધ્ય શિખરમાં શ્રી નરનારાયણદેવ અને પૂર્વ શિખરમાં શ્રી રાધાકૃષ્ણદેવ અને પશ્ચિમ બાજુના શિખરમાં ધર્મ-ભક્તિ અને ભક્તોને ધ્યાન કરવા પોતાના સ્વરૂપની સ્થાપના કરી એ રીતે.

"નોતી દીઠી નોતી સાંભળી પ્રગટાવી,
એવી પુનિત પુરુષોત્તમ પ્રગટી રે."

કોઈની કલ્પનામાં પણ નહિ હોય કે સ્વામિનારાયણ ભગવાન પ્રથમ મંદિર ક્યાં બનાવશે ? અને પ્રથમ પ્રતિષ્ઠોત્સવના દર્શન ભક્તાત્માઓને ક્યાં થશે ? આવું સર્વોત્તમ સદ્ભાગ્ય તો શ્રીનગર (અમદાવાદ)ને જ સાપડ્યું. માટે જ ફાગણ સુદ-૩ એ ઐતિહાસિક દિન બની ગયો.

શ્રીજી મહારાજે સ્વયં ત્રણે શિખરમાં મૂર્તિઓને હાર પહેરાવ્યા. ચંદનની અર્ચા કરી. મૂર્તિઓને ચાંદલો કર્યો. એ વખતે નરનારાયણદેવની મૂર્તિઓમાંથી તેજ નીકળવા લાગ્યું. પછી મહારાજ ઉંબરા ઉપર ઉભા રહીને મૂર્તિઓ સામે જોવા લાગ્યા અને ત્યાર પછી સ્વામિનારાયણ ભગવાને સ્વયં નરનારાયણદેવની આરતી ઉતારી. ચારે બાજુ જય જય કાર થવા લાગ્યો. સ્વામિનારાયણ ભગવાને મૂર્તિઓમાં પોતાનું અલૌકિક તેજ અને ઐશ્વર્ય મૂક્યું. અને પછી હરિભક્તોને ભલામણ કરી કે આ સ્વરૂપે અમે પોતે જ અહી અખંડ બિરાજમાન છીએ.

હવે કળશ અને ધજાનો વિધિ બાકી રહ્યો. એટલે સ્વામિનારાયણ ભગવાને હરિભક્તો સામે જોઈને કહ્યું કે, ત્રણે શિખર ઉપર કળશ અને ધજા કોણ ચડાવશે ? એ વખતે ગામપીઠવડીના ભગો અને મૂળો પટેલ બોલ્યા કે, મહારાજ ! કળશ અમે ચડાવશું અને હજાર રૂપિયા આપીને બંને ભાઈએ કળશ ચડાવવાનો અલભ્ય લાભ લીધો. બોટાદના દાદા ખાચરે સાતસો રૂપિયા આપીને ધજા ચડાવવાનો દિવ્ય લ્હાવો લીધો. આ રીતે ધામધૂમથી શ્રી નરનારાયણદેવનો પ્રતિષ્ઠા ઉત્સવ પૂર્ણ થયો.

શ્રીજી મહારાજે હરિભક્તોને દર્શન કરવાની આજ્ઞા કરી. એ વખતે દર્શન કરવા આવનાર હરિભક્તોનો એટલો બધો ઘસારો હતો કે મંદિરથી લઈને કાંકરિયા

સુધી હરિભક્તોની લાંબી હાર થઈ ગઈ હતી.

શ્રી નરનારાયણદેવને શ્રીનગરમાં પધરાવ્યા. પછી ઉત્તરોત્તર શહેરની પ્રગતિ થતી રહી છે અને આ પ્રગતિ વણથંભી ચાલું જ છે. ભક્તોના સુખ માટે આ પ્રસંગે સ્વામિનારાયણ ભગવાને વરદાન આપ્યું છે કે, "અમારા સ્થાપેલા આ નરનારાયણાદિક સ્વરૂપોની જે કોઈ પ્રેમથી સેવા અર્ચના કરશે તેના સર્વે મનોરથો અમે પૂર્ણ કરીશું. જે ભક્તો દર માસની પૂનમે તથા ફાગણ સુદ-૩ ના દિવસે અહીં આવી આ દેવના દર્શન કરશે તેનાં સર્વે મનોરથો સિધ્ધ થશે એમાં જરાય શંકા નથી."

સ્વામિનારાયણ ભગવાન ઉપરોક્ત વરદાનને સ્મરણમાં રાખી સંપ્રદાયના નાના-મોટા તમામ ભક્તોએ એક નિયમ અવશ્ય રાખવું જોઈએ કે જે ભક્તો અમદાવાદમાં રહેતા હોય તેમણે દરરોજ નરનારાયણદેવના દર્શન કરવા મંદિરમાં જવું જોઈએ. બહારગામના ભક્તોએ દર પૂનમે દર્શનનું નિયમ અચૂક રાખવું જોઈએ. અને પર રાજ્યોમાં તથા વિદેશોમાં વસતાં ભક્તોએ ફાગણ સુદ-૩ નરનારાયણ દેવના પાટોત્સવના દિવસે જરૂર દર્શને જવું જોઈએ. દર્શનનો આવો નિયમ પાળનાર સ્વામિનારાયણ ભગવાનના વચન પ્રમાણે સર્વ રીતે સુખી થાય છે અને તેના મનોરથ પુરા થાય છે ને થશે એમાં કોઈ સંશય નથી.

●

## સેવા કરો અને સુખી થાઓ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

શ્રીજી મહારાજે શ્રમયજ્ઞો ખૂબજ કરાવ્યા. વિશાળ ભક્ત સમુદાય મહારાજની સાથે રહેતો. ત્યારે મહારાજે બધાને ફક્ત કથા-વાર્તા કે માળા-દર્શનનો જ મહિમા નથી સમજાવ્યો. જન હિતકારી અનેક કાર્યો કરાવ્યા છે. વાવ્ય ખોદાવી, તળાવ ખોદાવ્યા, મંદિરો બધાવ્યા. શ્રીજી મહારાજ છતાં જ્યારે અમદાવાદ, મૂળી, ભૂજ, વડતાલ, ગઢડા વગેરે મહામંદિરો બનતાં હતાં. એ મંદિરોનાં બાંધકામમાં હરિભક્તો તનથી બહુ સેવા કરતા. એ વખતે પૈસા બહુ નહોતા. મંદિરોના બાંધકામમાં અગિયાર રૂપિયાની પણ સહર્ષ નોંધ લેવાતી. એ સમયે બધા હરિભક્તો પોતાના ગાડા-બળદ ઘોડા, વગેરેને સેવામાં જોડતા. એ સમયે હરિભક્તો મન મૂકીને, શરીરની ચિંતા મૂકીને શ્રમ કરતા. જે થવું હોય એ થાય. આવી સેવા ક્યાંથી ? શ્રમ કરતાં, પરસેવો વળે, ચૂનો ઉડે, માટી ઉડે, પરસેવા સાથે શરીર ઉપર ચોંટે, કપડાં ગંદા થાય. સ્વામિનારાયણ ભગવાન મંદિરનું કાર્ય નિરિક્ષણ કરવા પધારે, ત્યારે આવા ભક્તોને જુએ કેટલો બધો શ્રમ કરે છે. થાકની અનુભૂતિ થાવા નથી દેતા. જાણે વજના શરીર હોય તેમ મંડ્યા રહે છે. પરસેવો પાણીની જેમ વહે છે. કામ કરતા ધૂળ ચૂનો ઉડીને શરીર પર ચોટ્યા કરે છે. ત્યારે ભગવાન એટલા રાજી થઈ જાય. ધન્ય છે. અમારા આ ભક્તોને ! આ આટલો બધો શ્રમ કરે છે. ક્યા સ્વાર્થથી? એને એક જ સ્વાર્થ છે, મારા પ્રભુને રાજી કરવા માટે આ સેવા કરું છું અને પ્રભુ રાજી થયા અને એ મેલાં ઘેલાં કપડાવાળા ભક્તને સ્વામિનારાયણ ભગવાન ભેટ્યાં. ધન્ય છે ભક્તો તમને ! એ વખતે એ ભક્તનો પરસેવો ને માટી શ્રીજી મહારાજના શ્વેત વસ્ત્રોને નહીં અડ્યાં હોય ! અડ્યા જ હશે, છતાં પ્રભુ રાજી થયા. આ પરસેવો માટી તો ચંદન અત્તર કરતા પણ વધુ ઉત્તમ છે. કોઈ ભગવાનને ભાવથી ચંદનની અર્ચા કરે અંતર છાંટે પણ આજ મહારાજ આવા ભક્તોના પરસેવો કે ધૂળનો સ્પર્શ પોતાના વાઘા ઉપર થાય છે ત્યારે તેને અત્યંત સુગંધીમાન ચંદન અત્તર સમાન ગણે છે. અને આવા ભક્તોને વારે વારે ભેટે છે. કારણ કે શરીર ભલે મેલું હોય, પરસેવો હોય, માટી ચોટી હોય પરંતુ એ ભક્ત "વસુ" છે. એટલે કે અંતઃકરણ પવિત્ર છે. આવા ભક્તોના પ્રેમ સમર્પણથી વશ થનાર પરમાત્માને વાસુદેવ કહેવાય છે.

સજ્જનો ! એટલે જ જનમંગલ સ્તોત્રમાં શતાનંદ સ્વામીએ ૧૦૮ નામોમાંથી વાસુદેવ નામને બીજો જ નંબર આપ્યો. માટે જો અંતઃકરણને પવિત્ર રાખશો તો ભગવાન તમારા અંતઃકરણમાં આવીને વસશે અને ભગવાનનું આ વાસુદેવ નામ જીવનમાં સાર્થક થશે. સ્વામિનારાયણ ભગવાનના "વાસુદેવ" નામનો આ મહિમા છે. તમે પણ ઈચ્છતા હો કે ભગવાન મને ભાવથી ભેટે તો તેના માટે તમારે હૈયું પવિત્ર રાખવું જ જોઈએ. ભાવથી મન દઈ સેવા કરનારના હૈયામાંથી વાસના દૂર થાય છે. અને એ હૈયામાં વાસુદેવના દર્શન થાય છે.

**પ્રતાપપુરા (બાલવા)ના કાંતાબેનના સ્મરણાર્થે**

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ અને જેતલપુરધામ ઠાકોરજીને થાળ અને સંતોને રસોઈ આપવામાં આવી હતી. (હ. શીવાભાઈ ચૌધરી)

# ભક્તિસુધા

## દીનમાંથી દિવાન

- સાં.યો. કંચનબા (મેડા)

હે ભક્તો ! પ્રથમના અઠ્ઠાવનમાં વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, "મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભૂંડાં પ્રારબ્ધ હોય તો રુડા થાય." તો આ વચનને સત્ય કરી દેખાડતો એક પ્રસંગ બની ગયો છે. જૂનાગઢમાં દામોદરકુંડની બાજુમાં લાકડાની ભારીઓ લઈને એક મુસ્લિમ મહિલા એક તેની દીકરી અને એક પુત્ર બેઠા છે. પરંતુ કોઈએ તેમના લાકડાં વેચાતા લીધા નહિ. તેના કારણે ત્રણેયને ઉપવાસ થયા છે. કારણ કે ગરીબીને કારણે ઝૂંપડામાં અનાજનો કણીકોય ન હતો. તેવા સમયમાં ગુણાતીતાનંદ સ્વામી સંતો સાથે નારાયણ ધરે સ્નાન કરવા આવ્યા છે. સ્નાન કર્યું તેથી સ્વામીને ઠંડી ચઢી અને મૂર્છા આવી ગઈ. તુરંત સંતો સૂકાં લાકડાં શોધવા લાગ્યા. તે વાતની આ મુસ્લિમ સ્ત્રીને ખબર પડી. એટલે લાકડા લઈને પુત્ર સાથે નારાયણ ધરે આવી. સ્વામીને દૂરથી મૂર્છા અવસ્થામાં ધ્રુજતા જોયા એટલે પરિસ્થિતિ જાણી ગઈ. તુરંત તેના દીકરાને પૂછવા મોકલ્યો. "ફકીરબાબાને તપાડવા હોય તો લાકડાં લાવું ?" છોકરાએ પૂછ્યું એટલે સંતોએ હા કહી. તુરંત લાકડાં તે નાના બાળકે સ્વામીની ચારેબાજુ ગોઠવી ને સળગાવ્યા. થોડીવાર થઈ એટલે ગરમીને કારણે સ્વામીને ઠંડી ઉતરી અને આંખો ખોલી, ત્યાં તો ચારે બાજુ લાકડાં સળગતાં હતાં અને નાનો બાળક સામે ઊભો હતો. સ્વામીને સંતોએ વાત કરી : સ્વામી, આ મુસલમાનનો છોકરો છે, તેઓ લાકડાઓ વેચીને પેટ ભરે છે. જે દિવસે લાકડાં ન વેચાય ત્યારે ઉપવાસ પડે છે, આટલા બધા તેઓ ગરીબ છે. તમોને ઠંડી ચઢી હતી તે જોઈને તેની માતાએ આ બાળકને લાકડાં લઈ તમોને તપાડવા મોકલ્યો છે. તેના કારણે તમોને ઠંડી ઉતરી છે." આવી વાત સાંભળી સ્વામીએ બાળકને પૂછ્યું : "છોકરા ! તારુ નામ શું છે ?" બાળકે કહ્યું : "હે બાબા ! મારું નામબાવલો છે." સ્વામીએ પૂછ્યું : "મને તપાડીને લાકડાં સળગાવી દીધાં તેથી હવે તમે શું કરશો ? બાળકે જવાબ આપ્યો : "અમે ત્રણે ઉપવાસ કરીશું." સ્વામીએ પૂછ્યું : "મારી પાસે કાંઈ નથી હું તમને કાંઈ આપી શકું તેમ નથી, હું તો ફકીર છું. તેમ તું જાણે છે, છતાં મને કેમ તપાડ્યો ?" ત્યારે બાળકે સુંદર જવાબ આપ્યો : હે ફકીર બાબા ! મારી અમ્માએ મને કહ્યું હતું : "આ બાબા છે તે ખુદાના ફિરસ્તા છે તે મોટા ઓલિયા છે તેથી તેઓની સેવા કરીએ તો ખુદાની આપણા ઉપર રહેમ થાય." એટલે ખુદાને રાજી કરવા માટે તમોને તપાડ્યા છે." નિર્દોષ બાળકની વાણી સાંભળી ગુણાતીતાનંદ સ્વામીના અંતરમાંથી આશીર્વાદ વાણીરૂપે પ્રગટ થયો અને બોલી ગયા : હે બાવલા ! આજથી તારા માથેથી ભારો ઉતરી ગયો, જાઓ ત્રણે ઘેર, હવેથી તમારે લાકડાં નહિ કાપવા પડે." બાળક નમસ્કાર કરીને ગયો અને તેની માતાને આ બધી વાત કરી, પછી ત્રણે ઘેર ગયાં. આજે ઉપવાસ થયો છે. ત્રણે નાના ઝૂપંડામાં રહે છે, ઝૂંપડાની બહાર બાવલાની યુવાન બહેન લાડલીબુન સફાઈ કરી રહી હતી, તેજ સમયે જુનાગઢના યુવાન વયના નવાબ સાહેબ ઘોડાગાડીમાં બેસીને ત્યાંથી નિકળ્યા. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ ને સત્ય કરવા માટે શ્રીહરિએ નવાબની બુદ્ધિમાં પરિવર્તન કર્યું. તેના કારણે એક ભિખારણ જેવી સ્વરુપવાન સ્ત્રીને જોઈ તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા થઈ ! પછી તેજ દિવસે બાવલાને તેની બહેનને અને તેની માતાને નવાબ પોતાના મહેલમાં લાવ્યા અને લાડલીબુન સાથે નવાબે લગ્ન કર્યા અને બાવલાને ભણાવી મોટો દિવાન બનાવ્યો. આટલી સત્તા અને સંપત્તિ મળવા છતાં તેઓ સ્વામીને ભૂલ્યા ન હતા. દરરોજ સવારે તેઓને સ્વામીની સ્મૃતિ રહે તે માટે દોરડું અને કુહાડાને સાચવી રાખી તેને પગે લાગતા હતા. એકવાર નવાબે આ જોયું અને તેમણે પૂછ્યું : "દિવાનજી ! દોરડું ને કુહાડાને કેમ વંદન કરો છો ? ત્યારે બહાઉદીન બોલ્યા : "નવાબ સાહેબ ! મારા પ્રારબ્ધ ને પગે લાગું છું. કારણ કે મારા નસીબમાં તો લાકડાં કાપવાનું લખેલું હતું. પરંતુ સ્વામિનારાયણ ભગવાનના સંત ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી હું આજે દિવાન બન્યો છું. પછી તો ઘણીવાર તેઓ સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવાં પણ જતા હતા.

હે ભક્તો ! સાધન કરતા કરતા ઘણીવાર લાગે પરંતુ આવા મહાપુરુષોની કૃપા થાય તો જલ્દી ધામમાં પહોંચી જવાય છે. જેમ કીડીને કાશીએ જવું હોય તો આખી જીંદગી ચાલ્યા કરે ત્યારે માંડ માંડ પહોંચે અને કદાચ ન પણ પહોંચે. પરંતુ તેજ કીડી કોઈ કાશીએ જતું હોય તેના ભાતાના ડબામાં બેસી જાય તો થોડા દિવસમાં તે કીડી, વિના પરિશ્રમે કાશીએ પહોંચી જાય. તેજ રીતે મહાપુરુષો સાથે આત્મબુદ્ધિ કરીને જોડાઈ ગયા હોઈએ અને તેના આશીર્વાદ મળી જાય એટલે કીડીની પેઠે કાશીરુપી અક્ષરધામમાં પહોંચી જઈએ.

## શ્રીગોવર્ધન પર્વતની ઉત્પતિ વિષે

- પટેલ રેખાબેન અમૃતલાલ (લખતર)

શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધની કથા પ્રાગજી પુરાણી પાસે કરાવી. તેમાં ગોવર્ધન પર્વત પ્રભુએ સાત દિવસ ધારણ કર્યો તે વાત આવી ત્યારે નથુ ભટ્ટ કહે છે "હે, મહારાજ તે ગોવર્ધનનો જન્મ ક્યાં ? તેનું શું પુણ્ય ? જેથી પ્રભુએ માથે ધારણ કર્યો ? શ્રીજી કહે "ગોવર્ધનનો જન્મ કહુ તે સાંભળો. ગોલોકમાં રાસ મંડળને વિષે રાધાના પ્રેમથી રાજી થયેલા પ્રભુ કહે હે રાધાજી માગો. ત્યારે રાધાજી કહે તમારી સાથે રાસના આનંદને માટે એકાંત સ્થળ મને કરી આપો. ત્યારે શ્રીકૃષ્ણ કહે, તથાસ્તું. એમ કહીને પોતાના નેત્રથી પોતાના હૃદય સામું પ્રભુએ જોયું. તે સમયે ભગવાનના હૃદયમાંથી હેતના અંકુરરૂપ જળ તૃણ સહિત તેજ નીકળ્યું. તે તેજ પર્વત આકારે રાસભૂમિમાં પડ્યું. તે વધવા લાગ્યું. તે કેવું તો રત્ન ધાતુમય, ઝરણો, ગુફા, કર્દમ, અશોક, કુદુ. આદિ અનેક વૃક્ષો, પક્ષીગણો સહિત તે ક્ષણમાત્રમાં લાખ જોજન વિસ્તારવાળું થયું. સો કરોડ જોજન લાંબું અને પચાસ કરોડ જોજન ઉચું. અને હાથીની પેઠે રહેલું અને પચાસ કરોડ જોજન વિસ્તારવાળું ક્રોડ જોજનનાં શિખર તેણે કરીને યુક્ત તેને ગોવર્ધન નામ કહે છે. (અને કેટલાક સતશુંગ કહે છે) તે સમયે કોલાહલ શબ્દ થયો. તેને જોઈને ભગવાન હાથે કરીને તાડન કરતા કહે કેમ વધ્યા કરે છે ? સર્વે લોકોને ઢાંકી દેવા છે? માટે હવે વધીશ નહિ. તે પર્વતને જોઈને રાજી થયેલાં રાધાજી તેને વિષે ભગવાનની સાથે રમતાં હતા તે પર્વત સર્વ તીર્થમય છે. અને શ્રીકૃષ્ણને આ લોકમાં પધારવાની ઈચ્છા થઈ ત્યારે શ્રીકૃષ્ણ રાધાને કહે "તમો પણ પૃથ્વી પર ચાલો" ત્યારે રાધાજી કહે મને તો વૃંદાવન, યમુનાનદી, ગોવર્ધન પર્વત, ગોપ, ગોપીઓ, ગાયો તે વિના સારુ લાગે નહિ. પછી પ્રભુએ ગોલોકમાંથી ચોર્યાસી ગાઉની ભૂમિ વ્રજમાં મોકલી. ગોવર્ધન યમુનાને પૃથ્વી માથે જવાની આજ્ઞા કરી. ભરતખંડથી પશ્ચિમદિશામાં શાલમલી નામે દિપ છે. તેના મધ્યે ગોવર્ધન પર્વત દ્રોણાચળની સ્ત્રીને વિષે જન્મ લેતો હવો તે સમયે ગોવર્ધન ઉપર દેવો પુષ્પનો વરસાદ કરતા હતા. અને હિમાલય મેરુ આદિક પર્વતો આવતાં હવા. તે સર્વે ગોવર્ધનની પૂજા કરતા હવા. સ્તુતિ કરતા હવા. પછી પોત પોતાને સ્થાને ગયા. ગોવર્ધનનું નામ ગિરિવર, ગિરિરાજ પડ્યું. એક સમયે પુલત્સ્યમુનિ તીર્થ કરતાં કરતાં ગોવર્ધનની પાસે ગયા. તે પર્વતને બહુ સુંદર જોઈને પુલત્સ્ય આનંદ પામ્યાં. આતો મુમુક્ષુને મુક્તિ આપનાર પર્વત છે. તે ગોવર્ધનને લઈ જવાની ઈચ્છાથી દ્રોણાચળ પાસે જઈને ગોવર્ધનની માંગણી કરી. વળી કહે જે મારે બીજું પ્રયોજન નથી. પણ કાશી વિશ્વેશ્વર દેવની કાશીપુરી જઈ કોઈ મરે તે પાપીજન પણ તત્કાળ મોક્ષને પામે છે. જેને વિષે ગંગા રહી છે. તેને વિષે હું ગોવર્ધનને સ્થાપીશ. જે ઠેકાણે કોઈ પર્વત નથી. તે પર્વતને વિષે હું તપ કરીશ. આવો મારો મનોરથ છે. તેવું વચન પુલત્સ્યનું સાંભળીને પોતાના પુત્રને વિષે હેતથી વિહ્વળ અશ્રુપૂર્ણ નેત્રે દ્રોણાચળ તે પ્રત્યે બોલ્યા. હે મુનિ આ પુત્ર અતિ પ્રિય છે. તેથી પુત્ર સ્નેહથી આકુળ છું. પણ શાપના ભયથી તમને હું આપું છું. હે પુત્ર શુભ કર્મથી વ્યાપ્ત એવો ભરતખંડ તેમાં મુનિશ્રી સાથે તું જા. ત્યારે, ગોવર્ધન બોલ્યો. જે હે મુનિ આઠ જોજન લાંબો અને બે જોજન ઊંચો અને પાંચ જોજન વિસ્તારમાં એવો હું તે મને શી રીતે લઈ જશો. ત્યારે પુલત્સ્યમુનિ કહે, મારા હાથમાં બેસીને સુખેથી ચાલ. હું તને કાશીપુરી પહોંચીશ ત્યાં સુધી હાથમાં રાખીશ. ત્યારે ગોવર્ધન કહે જે ઠેકાણે મને પ્રથમ મુકશો ત્યાંથી હું ફેર ઉંચો નહિ થાઉં. એવા મારે સમછે. ત્યારે પુલત્સ્યમુનિ કહે, અહીંથી કૌશલદેશમાં પહોંચું ત્યાં સુધી હું તને કોઈ ઠેકાણે હેઠો મુકું નહિ. તે મારે સમ છે." તે સમયે મુનિના હાથમાં ગોવર્ધન બેઠો. પછી મુનિ ગોવર્ધનને જમણા હાથમાં લઈને ચાલ્યા. તે વ્રજ મંડળમાં આવ્યા. તે સમયે ગોવર્ધનને પ્રભુનું વચન સાંભર્યું કે શ્રીકૃષ્ણ ભગવાન આ ઠેકાણે અવતાર લેશે. અને બાળલીલા ગોપબાળકોની સાથે ક્રીડા રમત અહીં કરશે. અને ગોલોકમાંથી રાધા સહિત આ ઠેકાણે પધારશે. તે હેતુ માટે મારે આંહીથી જવું નથી. એમ નક્કી કરીને ઘણો ભાર મુનિના હાથે લાગે તેવો ભારે થયો. ત્યારે મુનિ ભારથી થાક્યા અને પૂર્વની સ્મૃતિ ભૂલી ગયા. તેથી ગોવર્ધન પર્વતને હાથમાંથી હેઠે મુક્યો. અને લઘું શંકા કરવા ગયા. પછી શૌચ કરીને જળમાં સ્નાન કરીને મુનિ આવ્યા. અને ગોવર્ધન પર્વતને કહે ઉઠ. ત્યારે ગોવર્ધન પર્વતને ઉપાડવા માંડ્યો. પણ ઉપડયો નહિ. ત્યારે મુનિ કહે હે ગોવર્ધન ચાલ-ચાલ ભાર ના કર. ત્યારે ગોવર્ધન કહે હે મુનિ મારો દોષ નથી. મને તમે હેઠો કેમ મૂક્યો ? માટે હવે આંહીથી ઉઠીશ નહિ. મે સમ ખાધેલા છે. પછી મુનિ ક્રોધથી શાપ દેતા હવા. "હે ગોવર્ધન રોજ તલમાત્ર ઘટતો જઈશ." પછી પુલત્સ્ય કાશી ગયા. અને પર્વત તલ પ્રમાણે ઘટવા લાગ્યો. હે નથું ભટ્ટ તે ગોવર્ધનને સર્વેના રક્ષણ માટે પ્રભુએ ધારણ કર્યો. તેથી ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો. ત્યારથી અન્નકૂટના ઉત્સવની શરૂઆત થઈ.

### વાહ જોધા વાહ તું સાચો વૃજવાસી ગોપ

– કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)

એક વખત જોધો છાશ ફેરવતો હતો. સામી બાજુ મહારાજ જોધા પ્રત્યેના પ્રેમની ખાતર બીજબર ઠેકાણે છાશ તાણતા હતા. શ્રીહરિ જોતરુ તાણતા જાય અને જરા જોધાની નજર ચૂકાવી ગોળી ઉપરનું ડેર અંગુઠેથી કાઢી નાખતા જાય. વળી પાછો રવૈયો ઉભો રાખી જોધો ડેરને સમુ ગોઠવે અને છાશ તાણે. ત્યાં તો વળી લટકાળો લહેરી ડેરને ફરી ઉથલાવી નાખે. એમ બે ત્રણવાર કર્યું. વળી ચોથીવાર મહારાજે ડેર કાઢવાની તૈયારી કરી ત્યાં જોધો જોઈ ગયો અને આંખ તાકી બોલ્યો આ તમારા કામ છે. એમ કહીને કહે નહીંતર જોધાનો રાખેલો ડેર ખસે ખરો કે ? પ્રભુ હવે રાખો છાશ થઈ ગઈ. તમારા કમળના ડોડવા જેવા કુણા હાથ આંબી ગયા હશે ? પ્રભુએ ગોળીમાં હાથ નાખ્યો ને કોણી સુધી માખણથી ભરેલો બહાર કાઢી ઓસરીયે ઉભા રહ્યાં. ત્યાં મુળજી બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યો. માખણ માખણમય પ્રભુને થયેલા જોઈ બ્રહ્મચારી ઘૂરક્યા. આ જોધો ક્યાં મૂવો તો ? કે તમારે હાથ બગાડવો પડ્યો ? બ્રહ્મચારીની આ પ્રકારની વાણી સાંભળી, માખણ ખરડેલા હાથવાળા માવજી હસી પડ્યા. જેના મહિમાને શેષ પણ પાર ન પામે એવા અક્ષરનાવાસી મહાપ્રભુ જોધાની સાથે માખણના પીંડા ઉડાડે! શું જોધાના ભાગ્ય ! નિંબતરૂ નીચે બિરાજેલા પાંચસો પરમહંસને મંચ ઉપરથી વચનામૃતનું પાન કરાવે એવા આ અક્ષરાધિપતિ જોધા સંગાથે માખણની લીલા કરે ! શું એ ગોપના ભાગ્ય!

કેમ જોધા ! આજ આમ કટાણું મોંઢુ કરતો જાય છે ? કાંઈ નહિ પ્રભુ. આજથી આ તમારી ભેંસુ હવે ચારવા નહી જાઉ. કાં શા સારું ? કાં શું ? મોટા મનના મોટીબા રોજરોજ ગળપણ ખાવાનું આપે, ઘી આપે, તસતસતી તાંસળી ભરી દૂધ આપે ! પણ એ બધી વહત હારે મારે આડવેર છે. હું મોટીબાને કહી શકતો નહોતો. આજ દિ સુધી. પણ આજ તો ચટ દઈને કઈ દીધું ! શું કીધું ? જાડો ડગરા જેવો બાજરાનો રોટલો, કોઢીબાનું અથાણું અને એક દોણી ભરીને છાશ એટલું આપશો તો ભેંસો ચારવા જઈશ. લ્યો મેં તો એમ કઈ વાળ્યું છે ? તમે હવે ફરી વાર કઈ દેજો. આ ભગવાન ભજવાને વળી સ્વાદ શું ? જોધામાં નિઃસ્વાદીપણું, નિર્માનીપણું, ઘર કુંટુંબ ત્યજવામાં નિર્મોહીપણું વગેરે જોઈ પ્રભુ ખુશ ખુશ થઈ ગયા અને બોલ્યા વાહ જોધા વાહ ! તું સાચો વૃજવાસી ગોપ ! એમાં શું મહારાજ ! જોધો કોઈ સારા સારા ધાન ધડુસવા આવ્યો નથી. તમને પામવા આવ્યો છે. જોધો તો વટનો કટકો છે. એમ કાંઈ ખાનપાનમાં વળી લોભાઉ ? તમારા સાંજ સવાર દર્શન કરીએ તો પણ અમીના ઓડકાર આવે. ભૂખને તરસની વાતેય યાદ ન આવે. તમારા ચરણમાં ફડસ રોટલો મળે અને ખળખળીયાનું ખોબો ભરી પાણી પીવા મળે એટલે બસ જોધો જગ જીત્યો.

●

### પ્રાંતિજના નવલબા

– પટેલ પલક જીતેન્દ્રભાઈ (સોજાવાળા)

દંઢાવ્ય દેશમાં શ્રીહરિને પધારવાનો પ્રસંગ ઊભો થયો. રણછોડ ભક્તના તોરણા ગામેથી ઉત્કંઠેશ્વર મહાદેવના દર્શન કરી સત્સંગમાં ખૂબ જ સ્થિતિવાળા એવા સંત જયરામબ્રહ્મચારીના પૂર્વાશ્રમના ગામ થઈ શ્રીહરિ પ્રાંતિજ પધાર્યા.

પ્રાંતિજમાં એક વણિક ભક્ત નવલબહેનના લગ્ન થયેલા. પોતે અખંડ ભગવત સ્વરૂપમાં વૃતિવાળા હતા. જ્યારે તેનો પતિ પૂર્વજન્મનો આસુરી જીવ હતો. તેથી નવલબાની કંઠી તોડી નાખે, પૂજા ફેંકી દે, વ્રત ઉપવાસ ન કરવા દે, તો પછી દેવમંદિરે દર્શન કરવા તો ક્યાંથી જવા દે ?

સ્વામિનારાયણ ભગવાન પ્રાંતિજમાં પધાર્યા છે. તેવા સમાચાર જાણી નવલબા હર્ષઘેલા થઈ ગયા. તેમણે પતિ પાસે ભગવાનના દર્શન કરવા જવાની રજા માંગી. તે આસુરી જીવ હતો તેથી તેને રજા ન આપી અને નવલબાને ઓરડામાં પૂરી દીધી અને કહ્યું કે, જ્યાં સુધી સ્વામિનારાયણ પ્રાંતિજમાં હશે ત્યાં સુધી હું તને ઘરની બહાર નીકળવા નહિ દઉં. આ રીતે નવલબાને ભૂખ્યાં તરસ્યાં પંદર દિવસ સુધી પૂરી રાખ્યા. નવલબા ભૂખ તરસના કારણે અશક્ત થઈ ગયાં.

પરંતુ એક દિવસ શ્રીહરિને યાદ કરી હિંમત કરી રાત્રે પોતાના ઘરના છેલ્લા ઓરડાનું જાળિયું ખેંચી કાઢ્યું અને કૂદકો મારી ઘરની બહાર નીકળી ગયા. તે વખતે શ્રીહરિ પરમભક્ત કાશીરામભાઈના ઘેર હતા તેથી મધ્યરાત્રિએ કાશીરામના ઘેર ગયા. શ્રીહરિ ઘરમાં પોઢ્યા છે. બે પાર્ષદો ઘરની રખેવાળી કરતા હતા. નવલબાઈએ કહ્યું કે, મારે શ્રીહરિના દર્શન કરવા છે. પાર્ષદોને ક્યાં ખ્યાલ હતો કે આ બાઈ જીવના જોખમે શ્રીહરિના દર્શન કરવા આવી છે. તેથી પાર્ષદોએ સવારે આવવા જણાવ્યું. નવલબાઈ રોતે હૈયે ડૂસકાં ભરતાં ભરતાં પાર્ષદોને ખૂબ જ આજીજી કરે છે.

શ્રીહરિ સ્ત્રી ભક્તની આજીજી સાંભળી ઓરડાની બહાર આવ્યા. નવલબાઈએ નેત્રોથી ધરાઈને શ્રીહરિના દર્શન કર્યા.

શ્રીહરિએ નવલબાને પૂછ્યું કે, કેમ નવલબા સુખી તો

છો ને ? અરે, પ્રભુ સુખની શી વાત કરું ? મારો પતિ અસુર છે તેથી મારે તમારું નામ પણ નથી લેવાતુ પ્રભુ, હવે તમે મને ધામમાં તેડી જાવ, મારે માટે ઊંચે આકાશ અને નીચે પાતાળ છે. કાંઈ ઠરવાનું ઠામ નથી હવે તો ફક્ત તમારો જ આધાર છે. મારા પતિએ છેલ્લા પંદર દિવસથી ભૂખી તરસી પૂરી રાખી હતી. તેથી ઘરનું જાળીયું તોડીને દર્શન કરવા આવી છું. હવે જો હું ઘરે જાઉં તો મારો પતિ મને જરૂર મારી નાંખશે.

શ્રીહરિ આશ્વાસન આપતા કહે છે કે, તમે ઘેર જાવ અને તમારા પતિને જે ઓરડામાં સૂતા છે ત્યાં જઈ તેમને બૂમ પાડી બોલાવો અને કહેજો કે ચોર લોકો તમને મારી નાખવા આવ્યા હતા. તેઓએ ઘરનું જાળીયું પણ તોડી નાખ્યું છે. પરંતુ મારા ભગવાને મને હિંમત આપી અને હું ચોર લોકોની પાછળ સાંબેલું લઈને મારવા દોડી. ચોર લોકો તો નાસી ગયા. આ તો મારા પ્રભુએ મારી સહાયતા ન કરી હોત તો શું થાત ?

આ વાત જ્યારે તેમણે તેમના પતિને જઈને કરી ત્યારે તેણે ફાનસ સળગાવી છેલ્લા ઓરડામાં ગયો. તો ત્યાં જાળીયું તૂટેલું પડ્યું હતું. આ પ્રસંગથી તેનામાં દયાનો અંકુર ફૂટ્યો. અને શ્રીહરિ પ્રત્યે આસ્થા થઈ. ત્યાર પછી ધીરે ધીરે તેનો પતિ ધાર્મિક બન્યો અને કરજીસણ ગામે ગયો અને શ્રીહરિ પાસે કંઠી બંધાવી સત્સંગી થયો. આવા નવલબાઈના યોગથી નાસ્તિક પતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત બન્યો.

●

### શાંતિ ભગવાનના ચરણમાં

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ હિંમતનગર ખાતે મારુતિ યજ્ઞ પ્રસંગે આશીર્વચન પ્રસંગે કહ્યું કે જેમ શાકના વધારમાં હળદર, મરચું, મીઠું નાખીએ છીએ તેમ ભગવાને મનુષ્ય બનાવ્યો ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઈંદ્રિયો મૂક્યા પણ એક વસ્તુ ચરણમાં દબાવી. લક્ષ્મીજીએ પૂછ્યું ! પ્રભુ આ શું દબાવ્યું ? ભગવાન કહે છે શાંતિ. માટે શાંતિ ભગવાનના ચરણમાં છે.

વ.ગ. અં. ૩૯ પ્રમાણે ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર, એવા મોટા છે. તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે. ને માનને મૂકીને નિરંતર ભગવાનની ભક્તિ કર્યા કરે છે.

જે ધર્મકુળ ગુરુજનોનો મહિમા ગાતા સદ્. બ્રહ્માનંદ સ્વામી કહે છે. જો હું આ ધર્મવંશી આશ્રય મૂકી બીજાને શરણે જાઉં તો મારું કુળ નિશ્ચય કંસનું છે. એમ માનજો. તેમના જ શબ્દોમાં

"ધર્મકુળ તજીકે દુજે કો જો શરનો લઈ હું જાઈ કે,
તો મે નીચ ખરો, સાચી નિશ્ચે વાત કહું સમખાઈ કે
જાનો વાત ખરી, જો મેં ધર્મ નિમિત્તે જાઉ પરી
તો જનની મેરી યુંહી ભાર ભરી..... ધર્મકુળ."

શ્રીજી મહારાજ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછતા હતા જે ભગવાનને પામ્યાનું સાધન એક જ સાધન છે કે ઘણાક સાધને કરીને ભગવાન પમાય છે ? પછી નિત્યાનંદ સ્વામીએ બહુ પ્રકારે ઉત્તર કર્યો પણ પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે. ભગવાનને પામવાનું આશરારૂપી એક જ સાધન છે. છતાં મોટા ભાગના સત્સંગીઓ ભગવાનને પામવાના અનેક સાધનો છે એવી ગેરસમજ કરે છે. અને એ સાધનો દઢ કરવામાં જ સારી જિંદગી ખર્ચી નાખે છે. ત્યાં કલ્યાણનું સાધન જે નિષ્ઠા તે કરવાની રહી જાય છે. માટે અન્ય સાધનોનું જોર મૂકી નિષ્ઠા પાકી કરો. નહિ તો આખી જિંદગી દોડી દોડીને મરી જશો. અને અંતે નિષ્ફળ જશો. (વ.ગ.મ. ૬૬.)

એક વખત પાંચ સાત યુવાનો સાયકલ લઈને ભૂજ જતાં વચ્ચે ભચાઉ ગામમાં એક ભક્તને ઘેર રાત રહ્યાં. તે ભક્ત મહામુક્ત હતા. તેણે યાત્રાળુની ખૂબ સેવા કરી. આગ્રહથી જમાડ્યા. જમતાં જમતાં સવાલ કર્યો. તમે શા માટે સાયકલ લઈને યાત્રા કરવા નીકળ્યા છો ? એટલે એક કહે, કલ્યાણ માટે. ત્યારે એ મુક્તરાજ બોલ્યા કે "આ જીવે ક્યાં કલ્યાણ માન્યુ છે અને શું કરવાથી કલ્યાણ થાય એની ગમજ નથી."

ગોપાળાનંદ સ્વામી બોટાદમાં સભા કરીને બેઠા હતા. ને બોટાદના આગેવાન હરિભક્ત ભગાદોશી આવીને કહે, સ્વામી ! હું ચારધામની યાત્રા કરવા જાઉં છું. કોઈ વસ્તુ જોઈતી હોય તો મંગાવો. "સ્વામીને મનમાં એમ થયું કે આ યાત્રાનો શોખીન અને રૂપિયાવાળો એટલે બીજું કહેવાય નહિ. પણ જો ચાર મહિના મારી પાસે બેસી કથાવાર્તા સાંભળે અને સમાગમ કરે તો અજ્ઞાન માત્ર કાઢી નાખું. છતાં દેહે બ્રહ્મરૂપ કરી દઉં. અને ભગવાનમાં જોડી દઉં. કારણ કે ભગવાનના ચરણમાં શાંતિ છે. પણ જેણે પોતાની રીતે અનેક જગ્યાએ કલ્યાણ માન્યું હોય તેને સાચું કહેનારાનો પણ ટાણે અભાવ આવે છે.

"તીર્થે જવું તે સત્સંગી કામ જ્યારે મળે સદ્‌ગુરુ જેહ ઠામ,
ત્યારે થયા તીરથ સર્વે પુરા, જ્ઞાની જનો તો ગણે અધુરા
ચિંતામણીની થઈ પ્રાપ્તિ જેને, બદામની ગર્જ રહે ન તેને

જેને મળે સદ્‌ગુરુજી સમર્થ, કલ્યાણના સાધન સર્વ વ્યર્થ.

કલ્યાણ માટે જેટલી ભગવાનની, નિષ્ઠાની જરૂર છે. એટલા જ સાચા સંતની નિષ્ઠાની જરૂર છે. એકની નિષ્ઠા હોય અને એકની ન હોય તો વચનામૃતના મતે કલ્યાણમાં ફેર રહે છે.

મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે હે મહારાજ ! કાલ્યને દિવસ તમે દાદા ખાચર આગળ બહુ રૂડી વાર્તા કરી હતી. તે વાર્તા સાંભળવાની અમારે સર્વેને ઘણી ઈચ્છા છે.'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ''જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય ને સંતનું ને સત્સંગનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળપણ કઠણ હોય તો પણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે. તે કાળ અને કર્મ તે બેય મળીને તેનું ભુંડું કરી શકતા નથી. અને જેને ભગવાનને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તોય રૂડું થતું નથી. (ગ.પ્ર. ૭૨.)

પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ''જેને પરિપકવ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે ''મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે. અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યાં છે. ત્યાં જ પરમ ધામ છે. અને આ સંત સર્વે તે નારદ, સનકાદિક જેવા છે. અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ અક્રૂર, વિદુર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે. અને જે બાઈઓ હરિભક્ત છે. તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુકમણી, લક્ષ્મી, પાર્વતી એવી છે. અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી. અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું. એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે. એવી રીતે જેના અંતરમાં વર્તતુ હોય તેને પરિપકવ નિશ્ચય જાણે. (ગ.પ્ર. ૬૩.)

''ઠેલી નિયમને કામન કરવું.
મર લાભ હોય જો લાખનો
તોય લલચાવીએ નહિ લેશ મનને
જાણીએ મુવાળો કાખનો.''

આવા પ્રકારની નિષ્ઠા વગર નિયમ પળાતા જ નથી. અર્થાત્ સોય પેઠા જેટલું કાણું થયું પછી તો સાંબેલું પણ પેસી જાય. એમ સહેજ છૂટ મૂકી પછી કામકાજ ચાલ્યું. અંગ્રેજોએ કેવો પગ પેસારો આ દેશમાં કર્યો હતો ? સહેજ વેપાર માટે સુરતમાં કોઠી નાખવા દીધી તેમાં આખા દેશનું રાજ્ય ૨૦૦ વર્ષ સુધી કર્યું. તેમ અધર્મ સર્ગને સહેજ પ્રવેશવાની તક મળી પછી હાથમાં ન રહે. બુદ્ધિ વધુને વધુ ભ્રષ્ટતાને પામી જાય. પણ જેને એવી નિષ્ઠા હોય કે ગમે તેવું પ્રલય જેવું દુઃખ આવે તોય આપણા ઈષ્ટદેવ જે ક્રિયા કરવાથી આટલા બધા રાજી થાય તે કેમ ન થાય ? અને જે ક્રિયાને કરવાથી આપણને ને એમને લાખો ગાઉનું છેટું થઈ જાય એવી ક્રિયા આપણાથી કેમ થાય ?

શિક્ષાપત્રી ૨૦૯ માં શ્લોકમાં કહે છે કે મારી વાણી મારું સ્વરૂપ છે. એટલે એમણે તો સ્વરૂપ નિષ્ઠા ને ધર્મ નિષ્ઠાનો સુંદર સમન્વય કર્યો છે.

●

**આપણા આગામી ઉત્સવો**

ફાગણ વદ-૮ : તા. ૨૬-૩-૨૦૧૧ શનિવાર જેતલપુરધામપાટોત્સવ.

તા. ૨૭-૩-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર સુવર્ણ જયંતી મહોત્સવ

તા. ૩૧-૩-૨૦૧૧ થી તા. ૪-૪-૨૦૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજસ્થાન) રજત જયંતી મહોત્સવ

ચૈત્ર સુદ-૫ : તા. ૮-૪-૨૦૧૧ શુક્રવાર અંજાર (કચ્છ) મંદિર ઘનશ્યામમહારાજનો પાટોત્સવ

ચૈત્ર સુદ-૯ : તા. ૧૨-૪-૨૦૧૧ મંગળવાર રામનવમી આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્ય મહોત્સવ અમદાવાદ મંદિરમાં રામૈયો, અક્ષર ભુવન બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ.

ચૈત્ર વદ-૨ : તા. ૧૯-૪-૨૦૧૧ મંગળવાર માંડવી (કચ્છ) મંદિરનો પાટોત્સવ.

ચૈત્ર વદ-૩ : તા. ૨૦-૪-૨૦૧૧ બુધવાર પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ (સં. ૨૦૦૦)

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. : ૨ "પૂર્વનો સ્વભાવ હોય તે કેમ જાણવો ને હમણાનો સ્વભાવ હોય તે કેમ જાણવો ?" વચનામૃતમાં "આ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?"

પ્ર. : ૩ ન તદભાસયતે સર્યો ન શશાङ्को न पावक, यदगत्वा न निवर्तन्ते तद्धामं परमं मम् ॥ આ શ્લોક ગીતાજીના ક્યા અધ્યાય અને કેટલામો શ્લોક છે ?

પ્ર. : ૪ શ્રીહરિ પીપળીયા ગામે પધાર્યા ગામના હરિભક્તો સામા આવી શ્રીહરિની પૂજા કરી ત્યારબાદ શ્રીહરિ પીપળીયા ગામના હરિભક્તોને શું પૂછવા લાગ્યા ?

પ્ર. : ૫ રામદાસ સ્વામીનો જન્મ વૈશ્યજાતિમાં થયો હતો. બાળપણથી જ ભગવાન મળે એવી ઈચ્છા થઈ. સંસારના સુખ ઝેર જેવા લાગ્યા તેમનો જન્મ ક્યા ગામમાં થયો હતો ?

પ્ર. : ૬ "શ્રીહરિ સંભવ મહાકાવ્ય" નામનો સંસ્કૃતનો વિશાળ ગ્રન્થ કોના દ્વારા લખાયેલો છે ?

પ્ર. : ૭ "સત્સંગી આપો સૌ નામનું, નામનું નામનું નામનું રે, સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનું રે. - આ સુંદર કીર્તનના રચયિતા કોણ છે ?

## ફેબ્રુઆરી-૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** (૧) ચમસ (૨) કવિ (૩) અંતરિક્ષ (૪) હરિ (૫) પ્રબુદ્ધ (૬) પિપલ્લાયન (૭) કરભાજન (૮) અગ્નિહોત્ર (૯) દ્રુમિલ **(૨)** (૧) અણીમા (૨) મહિમા (૩) ગરીમા (૪) લઘીમા (૫) પ્રાપ્તિ (૬) ઈશિતા (૭) વસિતા (૮) પ્રાકામ્ય. **(૩)** ગઢડા છેલ્લુ (અંત્ય) ૧૧ મું વચનામૃત. **(૪)** વચનામૃત ૭૮ - નિર્મનાનંદ સ્વામી **(૫)** મુક્તાનંદ સ્વામી, સંતો એકદમ ખીજાઈને કહે ધ્યાન તો તમારુ જ થશે બીજા કોઈનું નહિ. **(૬)** સ.ગુ. ગોપાળાનંદ સ્વામી. **(૭)** સંવત ૧૮૫૫ ફાગણ સુદ-૧૫

૧. પટેલ માણેકલાલ મણીલાલ (દહેગામ)
૨. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૪. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા - કડી)
૫. સોની વર્ષાબેન અશ્વિનભાઈ (અમદાવાદ)
૬. સાં. શિલ્પાબા, સાં. શિતલબા (હવેલી)
૭. ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈસનપુર)
૮. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૯. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૦. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૧. પટેલ ગોરધનભાઈ શંકરલાલ (સોજા)
૧૨. ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંઘણજ)
૧૩. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિરાટનગર)
૧૪. મોદી રંજનબેન રમેશભાઈ (વિસનગર)
૧૫. મોદી અરુણાબેન ઘનશ્યામભાઈ (વિસનગર)
૧૬. ભાવસાર કલાવતીબેન નંદલાલ (વિસનગર)
૧૭. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૧૮. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૧૯. સાં. ભારતીબા, સાં. મંજુબા (હવેલી અમદાવાદ)
૨૦. ભાવસાંર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૧. ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)
૨૨. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૩. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલવાળા)
૨૪. સાં. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૫. સાં. કંચનબા, સાં. કુંદનબા (મેડા)
૨૬. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૭. ટાંક જ્યોત્સના એ. (હિંમતનગર)
૨૮. ચંદ્રિકાબેન જ્યોત્સનાબેન (જીરાગઢ)
૨૯. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૦. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૩૧. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૩૨. મીનાવાળા રેખાબેન દિપકભાઈ (અમદાવાદ)
૩૩. સોની અરવિંદભાઈ (અમદાવાદ)
૩૪. શ્રી નારાયણ મુનિ દેવ યુવક મંડળ (સુરત રાંદેર)
૩૫. ભોરણીયા જયદિપ અંબારામભાઈ
૩૬. પટેલ અમિતાબેન અંબારામભાઈ (ઘુંટું-મોરબી)
૩૭. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૩૮. ભોરણીયા નથુભાઈ ભગવાનજીભાઈ (ઘુંટું-મોરબી)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટનો ૧૫ મો પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શ્રી ઘનશ્યામમહારાજ તથા શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજનો ૧૫ મો પાટોત્સવ મહા વદ-૫ તા. ૨૨-૨-૨૦૧૧ ના રોજ ધામધૂમથી સંપન્ન થયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સભામાં સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને મહંત શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી)એ પુષ્પહાર પહેરાવી સ્વાગત પૂજન કર્યું હતું. યજમાન પરિવાર અ.નિ. નારાયણદાસ કાનદાસ પટેલ (પરીડા-માણસા) પરસોતમભાઈ, ડૉ. ગોરધનભાઈ, સોમાભાઈ અને ડાહ્યાભાઈ આદિ પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી, શા. નાના પી.પી. સ્વામી, શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી આદિ ધામોધામના સંતો પધાર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું. (શા. અભયપ્રકાશદાસજી)

**ધરિયાવદ (રાજ.) મંદિરમાં છઠ્ઠો પાટોત્સવ ઉજવાયો**

રાજસ્થાનના ડુંગરાળ રમણીય પ્રદેશમાં આવેલા ધરિયાવદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શિવજી પરિવાર અને શ્રી હનુમાનજી મહારાજનો છઠ્ઠો પાટોત્સવ તા. ૧૩-૨-૧૧ થી તા. ૧૫-૨-૧૧ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અ.નિ. બ્ર. સ્વામી રામકૃષ્ણાનંદજી (છપૈયાધામ)ની દિવ્ય પ્રેરણાથી પ.ભ. રમેશભાઈ પટેલ (સાવલીવાળા)ના માતુશ્રીના સ્મરણાર્થે ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા યુવાન વક્તા સ.ગુ. શા. ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ) એ પોતાની આગવી શૈલીમાં કરીને સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. આ ઉત્સવ પ્રસંગે ઠાકોરજીની છાબ તથા જળયાત્રા તા. ૧૪-૨-૧૧ ના રોજ ગામમાં ધામધૂમથી નીકળી હતી. તા. ૧૫-૨-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો. શણગાર આરતી બાદ કથાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. સભામાં યજમાન પરિવાર શ્રી રમેશભાઈ પટેલ (સાવલીવાળા) તેમના ભાઈ અને વેવાઈ આદિએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે જેતલપુરધામના મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, વિશ્વપ્રકાશદાસજી, બ્ર. પૂ. પૂર્ણાનંદજી, કાંકરિયા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, શા. આનંદ સ્વામી, મથુરાથી ભાનુ સ્વામી, મૂળી મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી, ચરાડવા મહંત શા. હરિપ્રકાશદાસજી, કાલુપુર મંદિરથી પૂજ્ય મહંત સ્વામીના શિષ્ય મંડળ યોગી સ્વામી અને નારાયણમુનિ સ્વામીએ પધારીને પ્રવચનનો લાભ આપ્યો હતો. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં ધરિયાવદ ગામે રૂા. ૨૦૦૦૦, અને હરિભક્તોએ મળી કુલ રૂા. ૧,૨૦,૦૦૦ જેવી સેવા કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. અત્રે મંદિરમાં ધર્મશાળા માટે મહેશભાઈ ભાવસારે ૧ રૂમ અને યજમાન પરિવારે ૩ રૂમની સેવાની જાહેરાત કરી હતી. અહીંના પૂજારી નટુ ભગત અને ચિરાગ ભગતને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવ્યો હતો. ત્યારબાદ સમસ્ત સભાને હિન્દીમાં રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. છેલ્લે અન્નકૂટની આરતી ઉતારીને ભક્તોને દર્શનનો લાભ લઈ મહાપ્રસાદ લઈ સૌ ભક્તો ધન્ય ધન્ય બન્યા હતા. આ સમગ્ર મહોત્સવનું માર્ગદર્શન આયોજન છપૈયા મંદિરના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીએ સંભાળ્યું હતું. સભા સંચાલન બ્ર. સ્વામી માધવાનંદજીએ કર્યું હતું.

(સાધુ વિશ્વપ્રકાશદાસજી, જેતલપુરધામ)

**ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર**

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં હરિ મંદિર, થયું તેને હજુ ચાર વર્ષ જેટલો સમય થયો છે. પરંતુ શ્રીહરિની કૃપા અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના સમસ્ત ધર્મકુળ પરિવારની અપાર કૃપાથી અહીંનો સત્સંગ ખૂબજ વૃદ્ધિ પામ્યો છે. ગત ૨૦૧૦ ના ૧૬ જાન્યુઆરીના અત્રે મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા ત્યારે હરિભક્તોએ પોતાનો સંકલ્પ કહ્યો કે આજથી દર શનિવારે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં સ.ગુ. શતાનંદ મુનિ કૃત શ્રી જનમંગલ સ્તોત્ર પાઠ ૧૧ નું નિયમ લેવા અંગે જણાવ્યું ત્યારે પ.પૂ. મોટા મહારાજશ્રીએ અતિ રાજી થઈ આશીર્વાદ આપ્યા. જેને એક વર્ષ પૂર્ણ થતા તા. ૨૦-૨-૨૦૧૧ ને રવિવારે પ.પૂ. મોટા મહારાજશ્રી ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારી સભામાં વિરાજ્યા હતા અને ઘાટલોડીયાના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને કોઠારીશ્રીએ એક વર્ષ દરમ્યાન જનમંગલ પાઠ પ્રસંગે અને આરતીમાં એકત્ર થયેલ રૂા. ૨,૭૫,૦૦૦-૦૦ની રકમનો ચેક શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરીને સૌએ રૂડા

આશીર્વાદ મેળવ્યા હતા. આ પહેલા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ પધાર્યા હતા અને ભક્તજનોએ રાજી કર્યા હતા.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

**શ્રી પ્રભા હનુમાનજી જમીયતપુરા નૂતન મંદિર મહામહોત્સવ ઉજવાયો**

આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ જમીયતપુરામાં પ્રસ્થાપિત કરેલ તેમનાજ કુળદેવતા શ્રી પ્રભા હનુમાનજી મહારાજ આજે અનેક દુઃખો દૂર કરી સત્સંગી અને પરોક્ષના લોકોનું શ્રધ્ધાનું એક અલૌકિક કેન્દ્ર બિન્દુ બન્યું છે. અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી વિજયપ્રકાશદાસજી તથા સંપ્રદાયના યુવાન સુપ્રસિદ્ધ કથાકાર માણસા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી પ્રભુ હનુમાનજી મહારાજનું નિજ મંદિર સુંદર કલાત્મક પથ્થરથી ઘડીને નિર્માણ થતા નૂતન મંદિર મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૧-૧૧ થી ૨૫-૧-૧૧ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન તા. ૨૬-૧-૧૧ થી તા. ૩૦-૧-૧૧ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન કથાકાર પૂ. પી.પી. સ્વામી (જેતલપુરધામ)ના વક્તાપદે હજારો ભાવિકોએ કથામૃત પાન કરી ધન્ય બન્યા હતા. તા. ૨૮-૧-૧૧ થી તા. ૩૦-૧-૧૧ પર્યન્ત મારુતિ યજ્ઞ તથા કળશ અને ધ્વજદંડ પૂજન વિધિવત થયા હતા. તા. ૨૮-૧-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને કથામૃત પાન કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. શા. ઘનશ્યામસ્વામીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સૌને સેવા કરવા હાકલ કરી હતી. તા. ૨૯-૧-૧૧ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી પ્રભા હનુમાનજી મહારાજનો અભિષેક ધામધૂમથી સંપન્ન થયો હતો. તા. ૩૦-૧-૧૧ ના પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું સંતો અને હરિભક્તોએ સુંદર સ્વાગત સામૈયુ કર્યુ હતું. પ.પૂ. મહારાજશ્રીએ પ્રથમ દાદાનો અભિષેક વેદવિધિસર કર્યો હતો. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિની આરતી અને અન્નકૂટ આરતી ઉતારીને કથાની વ્યાસપીઠની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં ધામોધામના સંતોનું સ્વાગત અને પ્રાસંગિક પ્રવચન, હરિભક્તોની પહેરામણી આદિ થયા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. ત્યારબાદ સંતો અને હરિભક્તોએ મહાપ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

આ પ્રસંગમાં સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી (મૂળીવાળા) અને સ.ગુ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજીનું શિષ્ય મંડળ સેવામાં હતું. અન્ય ઘણા સંતો સેવામાં જોડાયા હતા.

(શા. ભક્તિનંદનદાસ, જેતલપુરધામ)

**પ્રાંતિજ મંદિરમાં સ.ગુ. ગોપીનાથ સ્વામીની ગુણાનુવાદ સભા**

પ્રાંતિજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૨-૨-૧૧ ના રોજ અ.નિ. સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીના શિષ્ય સ.ગુ. સ્વામી ગોપીનાથદાસજી તા. ૮-૨-૧૧ ને વસંત પંચમીના અક્ષરનિવાસી થતા તેમના ગુણાતનુવાદ સભા પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં રાખવામાં આવી હતી. જેમાં જેતલપુરધામના પૂજ્ય પી.પી. સ્વામી અને ધામોધામના સંતોએ તેમના ગુણો અને સેવાને યાદ કર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ ગવૈયા સ્વામી અને તેમના સમગ્ર મંડળને પ્રસંગોને યાદ કરી આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે ઠાકોરજીને થાળ અને સંતો હરિભક્તોને રસોઈ જમાડવામાં આવી હતી. મોટી સંખ્યામાં સંત હરિભક્તો પધાર્યા હતા.

(કોઠારી હરિભાઈ મોદી)

**જેતલપુરધામની એમ.પી. પંડ્યા હાઈસ્કુલમાં અમૃત મહોત્સવ ઉજવાયો**

જેતલપુરધામ ખાતે આવેલ એમ.પી. પંડ્યા હાઈસ્કુલ ખાતે તા. ૧૮-૨-૧૧ ને મહા સુદ-પૂનમના રોજ અમૃત મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે "સ્મરણાંજલિ" પુસ્તકનું વિમોચન વિધિવત થયું હતું. જેમાં સ્કુલના ટ્રસ્ટીઓ, અધ્યાપકશ્રીઓ, આચાર્યશ્રી તેમજ ગામના ભાવિક ભક્તો, વિદ્યાર્થીઓ અને જેતલપુર ધામના મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, સ્વામી વિશ્વપ્રકાશદાસજી, શા.સ્વા. ભક્તિનંદનદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૧-૨-૨૦૧૧ના સાંજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જેતલપુર પધાર્યા હતા. સૌ પ્રથમ ઠાકોરજીના દર્શન કરી એમ.પી. પંડ્યા હાઈસ્કુલમાં પધાર્યા હતા. અમૃત મહોત્સવની સમાપન વિધિ તેઓશ્રીના વરદ્ હસ્તે વિધિવત થઈ હતી. સ્કુલ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને ભાવિક ભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી ધન્ય બન્યા હતા.

(મહંતશ્રી કે.પી. સ્વામી, જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલ (બુઝર્ગ) ૨ જો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુર ધામના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી અ.નિ.પ.ભ. પરસોતમદાસ દેસાઈભાઈ પરિવાર હ. ગોરધનભાઈ, અશોકભાઈ, કમલેશભાઈના યજમાન પદે અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨ જો વાર્ષિક પાટોત્સવ મહાસુદ-૧૪ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

સવારે ઠાકોરજીની ષોડશોપચારથી મહાપૂજા થઈ હતી. ત્યારબાદ શ્રી મુકેશભાઈને ત્યાં ઠાકોરજીની છાબ અને સંતોનું સ્વાગત કરી વાજતે ગાજતે મંદિરે પહોંચ્યુ હતું. ઠાકોરજીનો મહાભિષેક આરતી સંતોના હસ્તે થઈ હતી. અભિષેક બાદ આરતી થઈ હતી. પ્રથમ સ્વાગત ગીત, નૃત્ય અને પ્રેરણા પ્રસંગના

નાટકમાં ભક્તરાજ નાજા જોગીયા વસ્તા ખાચરનો પ્રસંગ રજુ કર્યો હતો. સભામાં જેતલપુરધામના શા.સ્વા. ભક્તિનંદનદાસજી, ગઢપુરના શા. ભગવતપ્રસાદ, અમદાવાદ મંદિરના શા. આનંદસ્વામી, નિલકંઠ સ્વામી અને જેતલપુરવાડીના વિદ્યાર્થી સંતો પધાર્યા હતા અને તેમનું સ્વાગત પૂજન હરિભક્તોએ કર્યું હતું. સંતોએ કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. છેલ્લે સૌ ભક્તોને આશીર્વાદ આપી અન્નકૂટની આરતી ઉતારી હતી. સૌ ભક્તજનોએ મહાપ્રસાદ લીધો હતો. બપોરે ૨-૦૦ વાગે ઠાકોરજીની શોભાયાત્રા ગામમાં ફરીને મંદિર પરત આવી હતી. અત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થયા હતા. સમગ્ર પ્રસંગના દર્શન કરી હરિભક્તો ભાવ વિભોર થયા હતા.

(સ્વામી વિશ્વપ્રકાશદાસજી, જેતલપુર)

**આકરૂંદ (તા. બાયડ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આકરૂંદ ગામે ભવ્ય દ્વિતીય શાકોત્સવ તથા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત વિધિનું આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આકરૂંદ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર મહોત્સવની વ્યવસ્થા તથા માર્ગદર્શન સભા સંચાલન શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ સંભાળ્યું હતું.

તા. ૯-૨-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરનું ખાત મુહૂર્ત વિધિવત સંપન્ન થયું હતું. તથા શાકોત્સવનો અલૌકિક વધાર પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય બન્યું હતું.

આ પ્રસંગે સમગ્ર ઉત્સવ અને પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂજનના યજમાન પ.ભ. પટેલ નરેન્દ્રભાઈ બાબુભાઈ (આકરૂંદવાળા)એ લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં શા.સ્વા. અખિલેશ્વરદાસજી, શા.સ્વા. આનંદજીવનદાસજી તેમજ આકરૂંદના વતની અને સંદેશ પ્રેસના સુપ્રસિદ્ધ લેખક શ્રી દેવેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

આ પ્રસંગમાં મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા), શા.સુખનંદદાસજી, શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના દરેક સભ્યો કોઠારીશ્રી મનુભાઈ પટેલ, પ્રેમજીભાઈ, ઈશ્વરભાઈ આદિ સંત હરિભક્તોએ ખૂબજ સુંદર સેવા બજાવી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીની રસોઈ વગેરે સેવા પા. નરેન્દ્ર ભગતે કરી હતી. ખાતમુહૂર્તમાં જ મંદિર નિર્માણના રૂા. ૨૫ લાખ ફાળો થયો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે રૂા. ૨૫૦૦૦-૦૦ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણમાં અર્પણ કર્યા હતા. આ રીતે સમસ્ત ગામના સંપૂર્ણ સહકારથી અત્રે મંદિરનું કાર્ય શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજીના માર્ગદર્શન મુજબ ચાલુ થયું છે. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આકરૂંદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. જસુભાઈ પરસોતમદાસ પટેલના યજમાનપદે વિધિવત ઉજવાયો. સ.ગુ. શા.સ્વા. અખિલેશ્વરદાસજીના માર્ગદર્શન હેઠળ અભિષેક મહાપૂજા, અન્નકૂટ અને સભા સુંદર રીતે થઈ હતી. આ પ્રસંગે તેમના શિષ્યો સ્વા. વિશ્વેશ્વરદાસજી, પા. નરેન્દ્ર ભગત આદિએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. ગામના નાના મોટા સૌ હરિભક્તો સેવામાં જોડાયા હતા. ૧૪ મા પાટોત્સવના યજમાન પણ જાહેર થયા હતા. છેલ્લે સૌને યજમાન તરફથી મહાપ્રસાદની વ્યવસ્થા થઈ હતી.

અત્રે મંદિરમાં તા. ૧૭-૧-૧૧ ને સોમવારના રોજ શા.સ્વા. અખિલેશ્વરદાસજીની શુભ પ્રેરણા અને હરિભક્તોના સુંદર સહયોગથી ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સભામાં શા.સ્વા. અખિલેશ્વરદાસજી અને પ્રાંતિજ મહંત સ્વામી માધવપ્રસાદદાસજીએ સભાને સંબોધી હતી. સમગ્ર સેવામાં શા. સુખનંદનદાસજી અને પા. નરેન્દ્ર ભગત રહ્યા હતા. ગામ અને આજુબાજુના હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(પા. નરેન્દ્ર ભગત)

**મોડાસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ ધનુર્માસમાં કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. તા. ૯-૧-૧૧ ની રોજ ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. જેમાં શા.સ્વા. સુખનંદનદાસ અને નરેન્દ્ર ભગત વ્યવસ્થામાં જોડાયા હતા. સંતોએ ઠાકોરજી સાથે હરિભક્તોને ઘેર ઘેર જઈ લાભ આપ્યો હતો. ગામના તમામ હરિભક્તોએ સેવા કરી શાકોત્સવનો લાભ લીધો હતો.

(પાર્ષદ નરેન્દ્ર ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેઉમાં શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભાશીર્વાદ સહ આજ્ઞાથી તથા મેઉના ગામ ગુરૂ શા.સ્વા. અખિલેશ્વરદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી ભૂષણ ભાવસારના પ્રસાદીના મેઉ ગામમાં તા. ૨૨-૧-૧૧ ના રોજ ભવ્ય શાકોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા, ત્યારબાદ ઠાકોરજીની આરતી અને શાકોત્સવ બાદ પ્રાસંગિક સભા થઈ હતી. સભા સંચાલન શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ સંભાળ્યું હતું. સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, જેતલપુરધામના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને માણસા મંદિરના મહંત શા. ઘનશ્યામસ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. મહેસાણાના મહંતશ્રી તથા ધામોધામના સંતો આ પ્રસંગે પધાર્યા હતા. શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. અભેસિંહજી જીવણજી ચાવડા તથા પ.પૂ. મહારાજશ્રીના પૂજનના યજમાન કોઠારી રામાજી વરવાજી ચાવડાએ લાભ લીધો હતો. ગામના દરેક ભક્તોની સેવા નોંધપાત્ર હતી. આ પ્રસંગમાં મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા), શા. સુખનંદનદાસજી, શા.સ્વા.

વિશ્વપ્રકાશદાસજી અને સ્વા. બાલસ્વરૂપદાસજી આદિ સંતો વ્યવસ્થામાં રહ્યા હતા. અત્રે ગામ તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉત્સવમાં ૧૦૦ ડબા તેલની સેવાની જાહેરાત કરી હતી. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સૌએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતાં.

(પા. નરેન્દ્ર ભગત)

**શ્રી સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ**

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ આર્ટસ કોમર્સમાં પ્રો. એ. આર. દલાલ જે હાલ કાર્યકારી આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેમનું શ્રી ભારતીય વિદ્યાભવન સંચાલિત એચ.બી. કોમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ દ્વારા સન્માનિત કરી શિલ્ડ અર્પણ કરેલ છે. પ્રો. દલાલ આપણી સંસ્થામાં છેલ્લા ચાર વર્ષથી વીઝીટીગં લેકચરર તરીકે ફરજ બજાવે છે.

આપણી શ્રી સહજાનંદ કોમર્સ કોલેજમાં ૧૯૭૫ માં શ્રી કનુભાઈ ટેલર અભ્યાસ કરતા હતા. તેઓ બન્ને પગે વિકલાગં છે. તેઓએ દુઃખ અને ગરીબાઈને જન્મથી જોઈ છે. પરંતુ તેઓ આપણી સંસ્થામાંથી ઉચ્ચ શિક્ષણ અને સારા સંસ્કાર લઈને આજે સમાજ ઉત્થાન અને વિકલાંગો માટેની સંસ્થામાં જોડાયેલા છે. અને માનવ સમાજ માટે ખૂબજ સેવા કરે છે. તેમની આ પ્રવૃતિથી પ્રેરાઈને આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ખાસ ભલામણથી એક વિકલાંગને વિકલાંગની સેવા બદલ ભારતના ઈતિહાસમાં પ્રથમવખત "પદમશ્રી" એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી ઉપરોક્ત બન્ને એવોર્ડ વિજેતાને અનેકાનેક ધન્યવાદ સાથે આશીર્વાદ પાઠવે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર શહેરા**

સમગ્ર ધર્મકુળની શુભ આજ્ઞા-આશીર્વાદથી શહેરા ગામે સીતારામ પરિવારના યજમાન પદે શ્રી હનુમાન ચાલીસા કથાનું ત્રિદિનાત્મક સુંદર આયોજન અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના શા. વિશ્વસ્વરૂપદાસજીના વકતા પદે સુંદર સંગીતના સૂરો સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. અનેક શ્રોતાઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(સીતારામપરિવાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તથા શા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વસંત પંચમીના સવારે ઠાકોરજીનો પંચામૃત અભિષેક, શિક્ષાપત્રી પાઠ, કથાવાર્તા અને ઠાકોરજીની નગર યાત્રા ધામધૂમથી શહેરના રાજમાર્ગો પર નીકળી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

(રમેશ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ આશીર્વાદથી તથા શા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨ જો પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ઉજવાયો. જેના યજમાન પદે કોઠારી ડૉ. જયરાજભાઈ જે. ત્રિવેદી રહ્યાં હતાં. પ્રાસંગિક સભામાં સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અન્નકૂટ આરતીના દર્શન કરી હરિભક્તો ધન્ય બન્યા હતા. પૂજારી લાલભાઈ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(હિરેન ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬ ઠ્ઠો પાટોત્સવ માગસર સુદ-૬ ના રોજ પૂ.ધ્યાની સ્વામીના સંત મંડળે પધારીને શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ અભિષેક આરતી કર્યા હતા. હરિભક્તોએ કથાનો અને અન્નકૂટ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. પાટોત્સવના યજમાન શ્રી જસુભાઈ મંગળભાઈ રહ્યા હતા. બહેનોએ અન્નકૂટની વાનગી બનાવવાની સેવા કરી હતી. હરિભક્તોએ સંતોનું પૂજન કરી ફુલહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા.

(કોઠારી વિષ્ણુભાઈ પટેલ, નાંદોલ)

**મહુન્દ્રામાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમવર્ષના ઉપલક્ષમાં ગાંધીનગર જીલ્લાના મહુન્દ્રા ગામે શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંતશ્રી) ના માર્ગદર્શન મુજબ શાકોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ હતી.

આ પ્રસંગે નાંદોલ, સલકી, વર્ધાના, મુવાડા, ધરમપુર, દોલારાણા, વાસણા, સાદરા, ઈશનપુર, ગાંધીનગર, ઘણપ, લવારપુર, હિંમતનગર આદિ ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. સ.ગુ. સ્વામી રઘુવીરચરણદાસજી (શોકલી) તથા શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીએ સત્સંગની મહિમાની વાતો કરી હતી. શા .હરિજીવનદાસજીએ શ્રી ઘનશ્યામમહારાજનો ચમત્કાર અને શાકોત્સવનો મહિમા કહ્યો હતો. ઈડરના કોઠારી એસ. એસ. સ્વામી તથા અહીંના ભાઈ બહેનો તથા પૂજારી કનુભાઈ દવે આદિ સેવામાં રહ્યા હતા.

(કોઠારી ગૌતમભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા ત્રીજો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને પૂજ્ય પી.પી. સ્વામી તથા જેતલપુર ધામના મહંત પૂ.શા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૪-૨-૧૧ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરાનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો.

યજમાનશ્રી વિષ્ણુભાઈ ત્રિભોવનદાસ પટેલ પરિવારે સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી (જેતલપુર મહંત) હરિૐ સ્વામી, બ્ર. પૂર્ણાનંદજી, શા. ભક્તિનંદનદાસજી, માધવ સ્વામી અને અમદાવાદ મંદિર યોગી સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અત્રે ગામના હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ચાર લાખ જેટલી સેવા કરીને

પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. બીજા ૩ વર્ષના પાટોત્સવના યજમાનો સભામાં નોંધાયા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતીના દર્શન કરી મહાપ્રસાદ લઈ સૌ વિદાય થયા હતા. આભાર વિધિ શ્રી લાલભાઈ પટેલે કરી હતી.

(વિશ્વપ્રકાશ સ્વામી).

**ભીમપુરા ગામને આંગણે પંચદિનાત્મક "આદર્શ ભક્ત ગાથા"ની પારાયણ, તૃતીય પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા અને આશીર્વાદથી તેમજ સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી મહંતશ્રી નારાયણઘાટ)ની પ્રેરણાથી ભીમપુરા ગામને આંગણે તા. ૫-૨-૨૦૧૧ ના રોજ પ્રથમ શાકોત્સવ અને તા. ૧૬-૨-૨૦૧૧ થી તા. ૨૦-૨-૧૧ પર્યંત પાટોત્સવ નિમિતે આદર્શ ભક્ત ગાથાની પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞનું આયોજન કરેલ.

તા. ૫-૨-૨૦૧૧ ના રોજ ભીમપુરા ગામને આંગણે પ્રથમશાકોત્સવની ઉજવણી પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. સંતોના સાનિધ્યમાં થઈ. જેમાં ૪૦૦૦ ભાવિકોએ સમૂહ પ્રભુ પ્રસાદ લીધો હતો. ત્યારબાદ નિજ મંદિરના તૃતીય વાર્ષિક પાટોત્સવ નિમિતે કથા-પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી અને સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ બિરાજી ભક્તોને કથામૃતનું પાન કરાવ્યું હતું. જેના યજમાન ચૌધરી જોઈતાભાઈ હાથીભાઈ રણછોડદાસ પરિવાર (ભીમપુરા) હતાં. કથા પ્રસંગ દરમ્યાન સમગ્ર ધર્મકુળનું આગમન ગામમાં થયું હતું અને ભક્તોને દર્શન અને આશીર્વચનનો લાભ આપ્યો હતો. અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં પણ ભક્તોએ યથા શક્તિ સેવા લખાવી પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સભાનું સંચાલન અભય સ્વામીએ સંભાળ્યું હતું.

(શા.ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રીહરિના પાવન પગલાથી પાવન થયેલ વિહાર ગામને આંગણે બન્ને મંદિરના પાટોત્સવની ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના શુભાશિષથી તથા સ.ગુ. શા. સ્વામી પી.પી. સ્વામી મહંતશ્રી નારાયણઘાટ અને સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી ભાઈઓ અને બહેનોના બન્ને મંદિરનો વાર્ષિક પાટોત્સવની ઉજવણી તા. ૨૩-૨-૨૦૧૧ ના રોજ ધામધૂમથી થઈ.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ભીખાભાઈ કેશવલાલ પટેલ પરિવારજનો રહ્યા હતા. પ.પૂ. મહારાજશ્રી ગામને આંગણે પધાર્યા ત્યારે ભક્તજનોએ ધામધૂમથી શોભાયાત્રા કાઢી ઉમંગભેર સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી બન્ને મંદિરે અન્નકૂટની આરતી ઉતારવા પધાર્યા હતા. અને ત્યારબાદ સ.ગુ. શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી, સ.ગુ. શા.સ્વામી અભયપ્રકાશદાસજી આ બન્ને સંતો એ કથાવાર્તાનું રસપાન ભક્તોને કરાવ્યું હતું. પછી પૂ. મહારાજશ્રી ઉતારેથી સભામાં પધાર્યા બાદ યજમાનશ્રીના પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. અને સંતોમાં સ.ગુ.શા.સ્વામી રામસ્વામી અને સ.ગુ. શા.સ્વામી વિશ્વસ્વરૂપ સ્વામીએ પણ આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર સભા સંચાલન પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ)એ સંભાળ્યું હતું.

(શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં વસંત પંચમીનો સમૈયો ઉજવાયો**

મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં મહા સુદ-૫ વસંત પંચમીનો સમૈયો ધામધૂમથી ઉજવાયો. પ્રાતઃ ૯-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક શણગાર અને અન્નકૂટ આરતી થઈ હતી. આ પ્રસંગના દર્શન પચાસ હજાર ઉપરાંત હરિભક્તોએ કર્યા હતા. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદ આપીને આપણા બે મોટા ઉત્સવો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ અને ખાણ મંદિર રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવવા સૌને આજ્ઞા કરી હતી. ત્યારબાદ મંદિરના વિશાળ પટાંગણમાં સંતો-હરિભક્તો સાથે રંગોત્સવે રમીને હજારો ઝાલાવાડ-હાલાર અને મૂળી દેશના હરિભક્તોને અલૌકિક રંગથી ભીંજવીને કલ્યાણનું ભાથું તૈયાર કરી આપ્યું હતું. આ પ્રસંગે મહંત સ.ગુ.શા. સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સમગ્ર આયોજન સુંદર કર્યું હતું.

(શા. સ્વા. હરિપ્રકાશદાસજી, ચરાડવા)

**લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજનો ૨૧ મો પાટોત્સવ સુરેન્દ્રનગરના સાં. કમળાબા, સાં. કોકીલાબાની પ્રેરણાથી સાં. ઉષાબા અને સાં. ચંદ્રિકાબાના યજમાન પદે મહંત શા. ભક્તવત્સલદાસજીના માર્ગદર્શન હેઠળ ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ પ.ભ. રણછોડભાઈ અમરશીભાઈના યજમાન પદે શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંતશ્રી) આગવી શૈલીમાં થઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ અને લોકલાડીલા ગાયકશ્રી જયેશભાઈ સોનીના મધુર કંઠે કીર્તન ભક્તિ થઈ હતી.

આ શુભ પ્રસંગે જેતલપુરધામથી પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, છપૈયા મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજી, મૂળી મહંત શા.સ્વામી નારાયણપ્રસાદદાસજી, પ્રભુજીવન સ્વામી, ચરાડવા મહંત સ્વા. શા.હરિપ્રકાશદાસજી, સુરેન્દ્રનગરથી શા. પ્રેમવલ્લભ સ્વામી, જેતલપુરથી વી.પી. સ્વામી આદિ

ધામોધામના સંતોએ પધારીને અલૌકિક લાભ આપ્યો હતો. હજારો ભાવિકોએ કથા વાર્તા દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ પ્રસંગનું આયોજન મહંત શા. ભક્તવત્સલદાસ, તલાટી સાહેબ, શ્રી નરેન્દ્રભાઈ સોની, શશીકાન્તભાઈ સોની કિરીટભાઈ, મહેન્દ્રભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શા. વંદનપ્રકાશદાસ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા)**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞાથી ૧૫ જાન્યુઆરીના મકર સંક્રાંતિ ઉત્તરાયણ પ્રસંગે સમૂહ મહાપૂજા, ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ આદિ કાર્યક્રમો બાદ મહંત સ્વામી જ્ઞાનજીવનદાસજીએ મકર સંક્રાંતિનું માહાત્મ્ય હરિભક્તોને સમજાવ્યું હતું. આ પ્રસંગે વિશેષ દાન ધર્માદાનું સ્વામીએ સુંદર ઉદાહરણ આપી વાત કરી હતી.

**પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી** જાન્યુઆરીના છેલ્લા વિકમાં પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. સંત હરિભક્તોએ પુષ્પહારથી પ.પૂ. મોટા મહારાજશ્રી અને સંત મંડળનું સ્વાગત કર્યું હતું. પ.પૂ મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. મહંત સ્વામી જ્ઞાનજીવનદાસજીએ વચનામૃત વાચન બાદ શ્રીજી મહારાજે પોતાના સ્થાને સ્થાપેલા ધર્મકુળની પરંપરા અને આપણા સૌના ગુરુ આચાર્ય મહારાજશ્રી છે. જે ભગવાને સ્વયં આપ્યા છે. તેમનું પૂજન-અર્ચન, ગુરુ મંત્ર તેમના થકી લઈને સંપ્રદાયના આશ્રિત થઈ શકાય. તેવી સુંદર વાત કરી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ દરેક સત્સંગીઓને નિયમિત મંદિર આવવા અને ખાસ કરી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં પધારવા જણાવ્યું હતું. અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની સંધ્યા આરતી કરીને સૌને દર્શનનો મહા લાભ આપ્યો હતો.

**વસંત પંચમી શિક્ષાપત્રી જયંતી**

અત્રે આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહાસુદ-૫ વસંત પંચમીના અને શિક્ષાપત્રી જયંતીના શુભ દિને સાંજના ૫-૦૦ વાગ્યે ઠાકોરજી સમક્ષ સભામાં મહંત સ્વામી જ્ઞાનજીવનદાસજી અને હરિભક્તોએ શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને ઠાકોરજીને ભેટ ધરી હતી. મહંત સ્વામીએ સભામાં શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકનું વાચન સમૂહમાં હરિભક્તો સાથે કર્યું હતું. અને સ્વામીએ સૌને શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવા પર સૌને ખાસ ભલામણ કરી હતી. સભામાં યજમાન હરિભક્તોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર શિક્ષાપત્રી જયંતી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર ખાતે વસંત પંચમના ઉપલક્ષમાં તા. ૮-૨-૧૧ થી તા. ૧૨-૨-૧૧ પર્યન્ત શ્રી શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ શા.સ્વા., રાધારમણદાસજી (મૂળી)નાં વક્તા પદે થઈ હતી.

તા. ૮-૨-૧૧ ના રોજ શિક્ષાપત્રી જયંતી અને વસંત પંચમીના નિમિત્તે તમામઉપસ્થિત હરિભક્તોએ સંતો સાથે શિક્ષાપત્રીનું પૂજન અને વક્તાશ્રીનું પૂજન, શ્રી યોગેશભાઈ પટેલે કર્યું હતું. અને સમૂહ આરતીનો લાભ સૌએ લીધો હતો. શનિવારના ભક્તિ મહિલા મંડળે મહા પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. તમામ દર્શનાર્થીઓએ પ્રસાદ ગ્રહણ કરી વિદાય લીધી હતી. (કિરણભાઈ ભાવસાર, લેસ્ટર)

**આજ કળિયુગમાં પરચા પુરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે. સાનજોસે (કેલીફોર્નિયા)**

આપણા સાન જોસે આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરમાં ૯ થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૦ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા. એરપોર્ટ પર હરિભક્તોએ ફુલહારથી સુંદર સ્વાગત સામૈયું કર્યું હતું.

અહીં પ.પૂ. મોટા મહારાજશ્રી દ્વારા એક અદ્‌ભુત પરચો થયો છે. છેલ્લા ૧૦ વર્ષથી આપણા હરિભક્તો મંદિર માટે જમીન સંપાદન માટે ઘણા પ્રયત્નો કરતા હતા. અનેક કસોટીઓ અને મુશ્કેલીઓ વચ્ચે પણ હરિભક્તોને પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પમાં પૂર્ણ શ્રધ્ધા હતી. જેના માટે અવાર-નવાર મહામંત્ર ધૂન કથા કીર્તન ચાલું જ હતા. તેમાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને સંત-હરિભક્તો વિચરણ કરતા કરતા એક જગ્યાએ સુંદર જગ્યા જોઈ અને પ.પૂ.મોટા મહારાજશ્રીએ જગ્યા પસંદ કરી. તેઓશ્રીએ આચાર્ય મહારાજશ્રીને પણ જાણ કરી છે. તેઓ પણ ખૂબજ રાજી થયા છે. જેથી તેના માટે કાર્યવાહી ચાલું કરતા ૨૪ કલાકમાં આપણને આ મંદિર માટે સહકારની પરમીશન મળી ગઈ અને ત્યારબાદ પાંચજ દિવસમાં આપણી ઓફર સ્વીકારવામાં આવી. આ એક અદ્‌ભુત પરચો છે. જ્યાં ધર્મવંશીની ઉપસ્થિતિ હોય ત્યાં દરેક કાર્ય નિર્વિઘ્ને થઈ જાય. અને લોંસ એંજલસ મંદિરના ૧૦ માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં સાનજોસે ના નવા મંદિરની જાહેરાત કરવામાં આવી ત્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-પ્રેરણાથી હરિભક્તો એ મંદિર માટે સેવાનો ધોધ વરસાવ્યો. ઘણા હરિભક્તોએ ઈન્ટરનેટ અને ટેલિફોન ઉપર સેવા લખાવી. ખરેખર શ્રીહરિના અપર સ્વરૂપ ધર્મવંશીની કૃપા-આશીર્વાદ અને પ્રેરણાથી જ અશક્યમા અશક્ય કામ પણ શક્ય બને છે. જે આવા તો અનેક પરચા જોયા છે. જાણ્યા છે. અનુભવ્યા છે.

(પ્રશાંત ધોળકિયા)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | પોષ માસમાં રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| પોષ સુદ-૨ | હરજી વિશ્રામપિંડોરીયા | સરલી-ભૂજ |
| | શાંતિલાલ નાથાભાઈ પટેલ | જાનવડ |
| પોષ સુદ-૩ | અ.નિ. શા.સ્વામી ભગવતપ્રસાદદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી | |
| | હ. ઘનશ્યામભાઈ | |
| | જેઠાભાઈ નાથાભાઈ પરમાર | અમદાવાદ |
| પોષ સુદ-૫ | નર્મદાબેન સાંકળચંદ મોદી હ. પુરુષોત્તમભાઈ અમથાલાલ મોદી | વડનગર |
| | પટેલ સાંકળચંદભાઈ રેવણીદાસ (વિહારવાળા) | અમદાવાદ |
| | પટેલ રણછોડભાઈ પ્રહલાદભાઈ | અમદાવાદ |
| | આનંદીબેન કેશવલાલ ભાવસાર હ. દિલીપભાઈ ભાવસાર | અમદાવાદ |
| પોષ સુદ-૬ | સોની હર્ષદભાઈ રમણલાલ | અમદાવાદ |
| પોષ સુદ-૭ | જયંતિભાઈ લાલજીભાઈ પટેલ | અમદાવાદ |
| | પંડ્યા દેવેન્દ્રભાઈ ઝવેરલાલ હ. હરજીવન સ્વામી ગવૈયા | અમદાવાદ |
| | સંજય મુળશંકર પુરોહિત | અમદાવાદ |
| પોષ સુદ-૮ | કારલભાઈ બ્રહ્મભટ્ટ | અમદાવાદ |
| પોષ સુદ-૯ | હિરાબા પટેલ હ. સાં.યો. ભારતીબા, સાં.યો. મંજુબા | અમદાવાદ |
| | કનુભાઈ અમરતલાલ શાહ | અમદાવાદ |
| પોષ સુદ-૧૦ | ગોકળભાઈ પોપટભાઈ સોડવળીયા | અમદાવાદ |
| | બળવંતભાઈ રામોલવાળા હ. ચેતન સ્વામી | કોટેશ્વર |
| | અ.નિ. પટેલ બેચરદાસ મોહનદાસ | મોખાસણ |
| પોષ સુદ-૧૧ | ગુણવંતભાઈ કાળીદાસ બારોટ | અમદાવાદ |
| | પટેલ શંકરભાઈ ડાહ્યાભાઈ પટેલ હ. રમણભાઈ ટ્રસ્ટીશ્રી | કુડાસણ |
| પોષ સુદ-૧૧ | દર્શિની અમૃતભાઈ પટેલ | અમદાવાદ |
| પોષ સુદ-૧૨-૧૩ | જયેશભાઈ પુરષોતમભાઈ કાનાણી હ. વિશ્વવિહારી સ્વામી | અમદાવાદ |
| | ચૌધરી મોહનભાઈ હરિભાઈ | પ્રતાપપુરા |
| પોષ સુદ-૧૪ | વાલબાઈ પ્રેમજી વેકરીયા | અમદાવાદ |
| પોષ વદ-૧ | ડૉ. પ્રિયા કમલેશભાઈ બચુભાઈ હ. જે.પી. સ્વામી, દેવ સ્વામી | અમદાવાદ |
| | ચૌધરી હિરાજી ઉમાજી હ. વિજય સ્વામી | વાલી |
| પોષ વદ-૪ | પટેલ લીલાબેન કાન્તિલાલ | પલસાણા |
| પોષ વદ-૫ | ઉષાબેન રમેશભાઈ પટેલ | અમદાવાદ |
| | રણછોડભાઈ હરિભાઈ મોરી હ. બ્રહ્મચારી રાજુ સ્વામી | કાલીયાણા |
| | વિષ્ણુભાઈ નારાણભાઈ પટેલ હ. બ્રહ્મચારી રાજુ સ્વામી | અમદાવાદ |
| પોષ વદ-૬-૭ | અ.નિ. રતિલાલ પુરુષોતમદાસ હ. હસમુખભાઈ પટેલ, બ્ર. રાજુ સ્વામી | |
| પોષ વદ-૮ | દિનેશભાઈ મણીભાઈ પટેલ | મોડાસા |
| પોષ વદ-૯ | અ.નિ. અશોકભાઈ ડાહ્યાભાઈ ઠક્કર | અમદાવાદ |
| પોષ વદ-૧૨ | અ.નિ. ભટ્ટ મનુભાઈ કેશવલાલ હ. નારાયણવલ્લભ સ્વામી | અમદાવાદ |
| | કાંતિલાલ લાલજીભાઈ કોટક હ. મહંત સ્વામી | અમદાવાદ |
| | ગીતાબેન પ્રવિણભાઈ પટેલ | અમદાવાદ |
| | અંબાલાલભાઈ વલ્લભભાઈ પટેલ | રાયણીયા |
| પોષ વદ-૧૩ | અ.નિ. કુવરજી લાલજી વેકરીયા | બળદીયા |
| પોષ વદ-૩૦ | કાન્તાબેન રમણભાઈ હ. શ્રી રમણભાઈ ટ્રસ્ટી | ઉનાવા |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- પરમાર મુક્તાબેન બચુલાલ ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ નાઈરોબી
શ્રઈ નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર મીનાબેન જગદીશભાઈ નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર બેંગ્લોર
૧૦૦/- પટેલ આનંદભાઈ શુભ લગ્ન પ્રસંગે અમદાવાદ
૨૦૧/- સોલંકી હરિસિંહ (હાસ્ય કલાકાર) શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૨૦૧/- સોલંકી ચંદ્રિકાબેન હરિસિંહ શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૧૦૧/- ઉપાધ્યાય કુમુદભાઈ જગન્નાથભાઈ અમદાવાદ
ચિ. કૃપલબેનને ત્યાં પુત્રીનાં જન્મ પ્રસંગે
૧૦૧/- કાછીયા દર્શિતકુમાર જસવંતલાલ પુત્ર જન્મ પ્રસંગે કોઠંબા
૧૦૦/- ભાવસાર સારિકા જીજ્ઞેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે વડનગર
૧૦૧/- ચૌહાણ ધવલ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ચૌધરી પ્રેમાજી ભેમાજીના સ્મરણાર્થે બાલવા
૫૦૧/- ચૌધરી કાંતાબેન મોહનભાઈના સ્મરણાર્થે પ્રતાપપુરા (બાલવા)
૧૧૧/- ચૌધરી મોહનભાઈ ગોવાજીના સ્મરણાર્થે (તા. ૧૭-૧-૧૧)બાલવા
૧૧૧/- ડૉ. ભૌમિકભાઈ વિષ્ણુભાઈ અંબાલાલ માણસા-રાજપુરા
શુભ લગ્ન પ્રસંગે
૧૦૦/- પટેલ રઈબેન હરગોવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે વિહાર
૧૦૧/- પટેલ સંજયકુમાર ગેલાભાઈ પ્લોટ લીધી તો નિમિત્તે અંકલેશ્વર
૧૦૧/- પટેલ નટવરલાલ ઠાકરસીભાઈ ભરાડા
સુરેન્દ્રનગર રહેવા ગયા તે નિમિત્તે
૧૦૧/- સોની મહેશભાઈ ફુલચંદભાઈ જન્મ દિન નિમિત્તે દહેગામ
૧૫૧/- સોની પવન ભરતભાઈ આદેસરા જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૫૧/- મોદી અરવિંદભાઈ પ્રભુદાસ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થેઅમદાવાદ
૧૫૧/- પટેલ રમેશભાઈ પ્રહલાદભાઈ લગ્ન પ્રસંગે કલોલ
૧૦૧/- પટેલ રાજેશકુમાર ઈશ્વરભાઈ મોહનભાઈ સાપાવાડા
સી.પી.ટી. પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- શાહ પલક દિવ્યકાન્ત જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- વરુ સુભાષિત પરેશભાઈ જન્મ દિન નિમિત્તે રાજકોટ
૧૦૦/- વરુ પ્રકાશ હરિકૃષ્ણ જન્મ દિન નિમિત્તે રાજકોટ
૨૫૧/- માધવી, જ્યોતિ અને ભક્તિ ઘનશ્યામભાઈ રાજકોટ
જન્મ દિન નિમિત્તે
૧૦૦/- ચૌહાણ ઈન્દુબેન કાંતિલાલ રવજીભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે
૧૦૧/- ગજેરા બાબુભાઈ મોહનભાઈ બાપુનગર
ચિ. સંદિપભાઈના લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ પ્રજ્ઞાબેન પોપટભાઈ લગ્ન પ્રસંગે મુબારકપુર
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- પાટડીયા મોનાબેન હસમુખભાઈ સગાઈ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ચાવડા રામજીભાઈ વજાભાઈ ચિ. દર્શિતાની સગાઈ નિમિત્તે ટીંબા
૧૦૧/- હિંગું પ્રકાશકુમાર રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે હુબલી
૧૦૧/- સુખડીયા ઘનશ્યામભાઈ અમૃતલાલ અમદાવાદ
ચિ. કિશનના લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ ચેતનકુમાર કરશનભાઈ સીંગરવા
ચિ. મોક્ષિકાના જન્મ દિન નિમિત્તે
૧૦૧/- પટેલ ચેતનકુમરા કરશનભાઈ સીંગરવા
ચિ. મોક્ષિતાના જન્મ દિન નિમિત્તે

૨૫૧/- પટેલ વિષ્ણુભાઈ નારણદાસ ચિ. ભાણેજ ધ્રુવને અમદાવાદ
અમદાવાદ અને જેતલપુર મંદિર સાકર તુલા અને રસોઈ નિમિત્તે
૧૦૧/- વરૂ જયભાઈ પ્રવિણભાઈ સુરત
પ.પૂ. મહારાજશ્રીએ નામકરણ કર્યુ તે નિમિત્તે
૨૦૧/- ચિ. પંકિલ અને નિસર્ગના લગ્ન પ્રસંગે અસલાલી
૧૦૧/- ઢાકેચા નિકુંજ વાલ્મિકભાઈ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૧૧/- પટેલ જીગ્નેશ ભક્તિભાઈ દેઉસણાવાળા
નવો બિજનેશ શરૂ કર્યો તે નિમિત્તે
૧૧૧/- પટેલ કૈલાશબેન ભક્તિભાઈ દેઉસણાવાળા
ચિ. સિધ્ધિ, ત્રિશા અને શુભના જન્મ દિન નિમિત્તે
૧૦૦/- પટેલ હરેશકુમાર વિનુપ્રસાદ દહેગામ
ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ પરીક્ષા પાસ કરી તે નિમિત્તે
૨૦૧/- પટેલ સંજયકુમાર છનાલાલ ભક્તિદાસ ડાંગરવા
ચિ. મનના જન્મ દિન નિમિત્તે
૧૧૫ અ.નિ. સોની નાનાલાલ સ્વરૂપચંદ ૧૫ મી પુણ્ય તિથિ નિમિત્તે ટોરડા
૧૦૧/- ચૌહાણ અતુલભાઈ ગિરધરભાઈ પુત્ર જન્મ પ્રસંગે રાજકોટ
૧૫૧/- મહેન્દ્ર શાંતિલાલ, દિપક શાંતિલાલ ધ્રુડકોટ
નવી મારૂતિ ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- સિંધવ દિલીપભાઈ અમરશીભાઈ પુત્ર જન્મ પ્રસંગે બળોલ-ભાલ
૧૦૧/- પટેલ સંદિપ પંકજભાઈ જન્મ દિન પ્રસંગે અમદાવાદ
૫૦૧/- પટેલ રેશ્માબેન મુકેશભાઈ વિઠ્ઠલભાઈ વેજલપુર-લાલોડા
નવા મકાન નિમિત્તે
૧૦૧/- ઠક્કર બાબુલાલ કેશવલાલ નવું બાઈક લીધું તે નિમિત્તે પાટડી
૧૦૧/- પટેલ નયનાબેન જગદીશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ દિશાંત જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- જાગૃતિબેન કીર્તનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ દેવ કીર્તનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- પટેલ ઈશ્વરભાઈ વશરામભાઈ હરજીભાઈ લાલોડા
અકસ્માતમાં શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે
૫૦૦/- પટેલ ચેતનભાઈ પ્રભુભાઈ મોહનભાઈ લાલોડા
એમ.બી.એ. માં પાસ થયા અને બેંકમાં નોકરી મળી તે નિમિત્તે
૧૦૦/- જાદવ પંકજકુમાર રમણીકલાલ જોરાવનગર
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ શિવાભાઈ ઈસણાવ
પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે
૧૧૧/- મકવાણા મણીલાલ શ્યામજીભાઈ અમદાવાદ
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ નટવરભાઈ આત્મારામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૧/- ભંડેરી ધાર્મિકકુમાર મનુભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે બાપુનગર
૧૦૧/- પટેલ મેહુલ કાંતિભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે અંબાપુર
૧૦૧/- પટેલ ફાલ્ગુની મેહુલભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે અંબાપુર
૧૦૧/- પટેલ સેલ્વી મેહુલભાઈ કેનેડાના વિઝા નિમિત્તે અંબાપુર
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલના સ્મરણાર્થે મહેસાણા
હ. નટવરલાલ મોદી
૨૫૧/- સોની શર્મિષ્ઠાબેન કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- ડાભી હિતેન્દ્રસિંહ (મહેન્દ્રસિંહ) ભીખુસિંહ પચ્છમ-નરોડા
લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ ભાનુબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુનગર
૧૦૧/- પટેલ ચંપાબેન દિનેશભાઈ ચિ. ભાણા ભવ્યના જન્મ દિન નિમિત્તે
૫૦૧/- એક હરિભક્ત તરફથી શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા

૧૦૧/- સૌમ્યભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- સુરતભાઈ ૨ ભાણાના જન્મ નિમિત્તે
૧૦૧/- દેસાઈ પુષ્પાબેન જન્મ દિન નિમિત્તે વેજલપુર
૫૦૧/- સોની હિંમતલાલ નાગરદાસના સ્મરણાર્થે રળોલવાળા-લીંબડી
૨૦૧/- પટેલ ભાવેશભાઈ મફતભાઈ પુત્ર જન્મ પ્રસંગે પોર
૧૫૧/- મોકાણી આશિષકુમાર ઘનશ્યામભાઈ લગ્ન પ્રસંગે બોટાદ
૧૦૦/- ઉમરાણીયા ભાગ્યેશ જે. શ્રીજી પ્રસન્નાર્થે રાણાવાવ
૧૦૧/- પટેલ શૈલેષકુમાર રમણભાઈ ડઈબાની પુણ્યતિથિ નિમિત્તે સાબરમતી
૧૦૧/- કા.પ. નટવરલાલ રમણલાલ શ્રીજી પ્રસન્નાર્થે કપડવંજ
૧૦૧/- પ્રજાપતિ ભૂપેન્દ્રભાઈ જીવણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કપડવંજ
૧૦૧/- ગં.સ્વ. નિર્મલાબેન, અનિ. ઘેલાભાઈ સાવરીયા ચિ. જયેશના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- અ.સૌ. લલીતાબેન તથા વાલજીભાઈ વેગડ ચિ. દક્ષાના લગ્ન પ્રસંગે સુરત
૧૫૧/- વરૂ રીટાબેન શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે સુરત
૧૫૧/- રમલાવત ખુમાનસિંહ એમ. ચિ. દર્શનાકુંવરબાના લગ્ન પ્રસંગે ગાંધીનગર
૧૦૧/- ચોટલીયા મનસુખભાઈ નરસીભાઈ ચિ. નિશાના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- રાઠોડ મોહનભાઈ મૂળજીભાઈ ચિ. રાકેશના લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૧/- રાઠોડ વર્ષાબેન રાકેશભાઈ લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૧/- રાઠોડ વાલજી મૂળજી ચિ. કૌશિકની સગાઈ નિમિત્તે મુંબઈ
૧૦૧/- કાછીયા ચિમનભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૨૦૧/- ચોટલીયા પ્રભાબેન અમૃતલાલ ચિ. સંજય અને કિરણના લગ્ન પ્રસંગે સુરત
ચિ. સંજય અને કિરણના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- મનાણી સંદિપ જયંતીલાલ ચિ. વ્યોમના જન્મ પ્રસંગે વાપી
૧૦૦/- વરૂ હિતેશભાઈ નારાયણભાઈ ચિ. દિક્ષાના જન્મ દિન પ્રસંગે જીરાગઢ
૧૦૧/- વેગડ રમણીકભાઈ નાનજીભાઈ ચિ. જયશ્રીબેનના લગ્ન પ્રસંગે અંબાળા
૧૦૧/- પટેલ શ્રુતિબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ જગદીશભાઈ બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- શ્રેયાબેન કેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ કેતનકુમાર બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ કાંતાબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઘાટલોડીયા
૧૦૧/- પ્રજાપતિ પ્રવિણભાઈ શંભુભાઈ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિમિત્તે ચાણસ્મા
૧૦૧/- પટેલ ઉષાબેન આશિષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ઓઢવ
૧૦૦/- કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૧/- પટેલ પિયુષકુમાર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- ચાંપાનેરી રિતેષ જસવંતભાઈ એમ.કોમ.માં પાસ થયા તે નિમિત્તે વિરમગામ
૧૦૧/- ભાવસાર હસમુખ શંકરલાલ ૩૦ મી લગ્ન તિથિ નિમિત્તે વડનગરવાળા
૧૫૧/- રૂપારેલીયા આકાશભાઈ ઘનશ્યામભાઈ શુભ લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૨૧/- પટેલ કેતનભાઈ કાંતિલાલ અંબાલાલ નવી આઈટેન ગાડી લાવ્યા તે નિમિત્તે ચાણસ્મા
૧૦૧/- કાઠીયા હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- અ.નિ. અંબાલાલ શામળદાસ ભાવસાર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષ નિમિત્તે મોટપ
૧૦૧/- પટેલ ભાઈચંદભાઈ રેવાભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે ડુંગરી (ઈડર)
૧૫૫/- પટેલ અમિત જસવંતલાલ નવી જોબ નિમિત્તે કેલીફોર્નીયા-અમેરિકા
૧૦૧/- સોની સુમનલાલ જમનાદાસ પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- દલાલ મનોજ ઘનશ્યામભાઈ પ્રમોશન નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પટેલ કૌશિકકુમાર જયંતીલાલ જેઠાલાલ નવું મકાન લીધું તે નિમિત્તે નવા નરોડા
૧૦૦/- મીસ્ત્રી દિપેશભાઈ લગ્ન પ્રસંગે ધોલેરા
૨૫૧/- અ.નિ. ચિ. બ્રિજેશકુમાર પરસોતમદાસ પટેલના સ્મરણાર્થે
૨૫૧/- અ.નિ. પરસોતમભાઈ ખેમાભાઈ પટેલના સ્મરણાર્થે
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે

(તા. ૨૧-૨-૨૦૧૧ સુધી)

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદના વયોવૃદ્ધ સંત સ.ગુ. સ્વામી ગોપીનાથદાસજી ગુરુ સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજી તા. ૮-૨-૨૦૧૧ ને મહાસુદ-૫ વસંત પંચમીના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા પ્રાંતિજ મંદિરમાં અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી (કાકા સ્વામી) તા. ૧૯-૨-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દહેગામ:** પ.ભ. મધુબેન પરસોતમદાસ કાછીયા તા. ૨૧-૧-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કાલીયાણા (તા. વિરમગામ) :** આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના સક્રિય પ્રતિનિધિ અને શ્રી નરનારાયણદેવ ગાદીના ખૂબજ નિષ્ઠાવાળા પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયાના ધર્મપત્ની અ.સૌ. પુરીબેન ડાહ્યાભાઈ બૂટીયા મહા વદ-૬ ને તા. ૨૩-૨-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**જેતલપુર :** અત્રેના અગ્રગણ્ય સત્સંગી પ.ભ. નટવરભાઈ જીવાભાઈ પટેલ (માજી સરપંચ) તા. ૨૪-૨-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**શિગાકો (ઈટાસ્કા) :** મંદિરના ખૂબજ સક્રિય પ.ભ. પટેલ વિષ્ણુભાઈ (સોલાવાળા)ના પિતાશ્રી પ.ભ. ગાંડાભાઈ જુગલદાસ (ઉ.વ. ૯૩) તા. ૨૪-૨-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.










(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન અને સભામાં દર્શન આપતાં પ.પૂ. મોટા મહારાજશ્રી. (૨) પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરામાં હનુમાનજી મહારાજનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સભામાં દર્શન આપતાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને કથા કરતા વક્તા પૂ. પી.પી.સ્વામી અને યજ્ઞની પૂર્ણાહૂતિ કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૩) મેઉ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ પ્રસંગે શોભાયાત્રામાં અને સભામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. શા. આત્મપ્રકાશદાસજી, પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી, શા. સ્વામી અખિલેશ્વરદાસજી અને જે.પી.સ્વામી

Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011







શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટમાં શાકોત્સવ દર્શન. લેસ્ટર સ્વામિનારાયણ મંદિરમાં કીર્તન ભક્તિ કરતાં સંત હરિભક્તો. શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટમાં સભામાં કથા કરતાં શા.સ્વામી સિધ્ધેશ્વરદાસજી





શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

JAGDISH OFFSET

Praful Kharsani